**આજનો સુવિચાર**

ઘડિયાળ ભલેને આપણા હાથમાં હોય પણ સમય તો પ્રભુ ના હાથમાં જ રહેવાનો છે

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૭ અંક : ૧૨૭ જૂનાગઢ તા.૧૬-૫-૨૦૨૩ મંગળવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 47 Volume : 127, Junagadh : Date : 16 May, 2023, Tuesday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, GUJARAT, India. • Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor Abhijeet K. Upadhyay


## કર્ણાટકનાં મુખ્યમંત્રી પદ માટે સિધ્ધરમૈયા અને શિવકુમાર વચ્ચે પસંદગી કરવી હાઈકમાન્ડ માટે મુશ્કેલ : કોકડું ગુંચવાયું



(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી તા. ૧૬

કર્ણાટકમાં પ્રચંડ બહુમતીથી સતા પર આવેલા કોંગ્રેસ પક્ષ માટે હવે મુખ્યમંત્રીની પસંદગી મુશ્કેલ બની છે અને ગઈકાલની કોંગ્રેસ મોવડીમંડળ પુર્વે મુખ્યમંત્રી સિદ્ધરમૈયા અને રાજ્ય એકમના વડા ડી.કે.શિવકુમારમાંથી કોને જવાબદારી સોપવી તેના પર જબરી દ્વીધામાં ફસાઈ છે.

કર્ણાટકના આગામી મુખ્યમંત્રી હવે દિલ્હીમાં નક્કી થશે. તેના માટે સોનિયા અને રાહુલ ગાંધી પાસેથી સલાહ લેવામાં આવશે. મુખ્યમંત્રી પદના ઉમેદવાર સિદ્ધારમૈયા સોમવારે સાંજે જ દિલ્હી પહોંચ્યા હતા. ડીકે શિવકુમાર આજે સવારે બેંગલુરુથી દિલ્હી જવા રવાના થયા હતા.

ડીકે શિવકુમારે કહ્યું, 'આપણે બધા એક છીએ. આપણે ૧૩૫ છીએ. હું કોઈને વિભાજિત કરવા માગતો નથી. તેઓ મને પસંદ કરે કે નહીં. હું એક જવાબદાર વ્યક્તિ છું. હું દગો આપીશ નહીં કે બ્લેકમેલ કરીશ નહીં. અમે કોંગ્રેસ પાર્ટી બનાવી, અમે આ ઘર બનાવ્યું. હું તેનો એક ભાગ છું. માતા તેના બાળકને બધું આપે છે. સોનિયા ગાંધી અમારા આદર્શ છે. કોંગ્રેસ દરેક માટે પરિવાર સમાન છે. આપણું બંધારણ ખૂબ મહત્ત્વનું છે અને આપણે બધાનાં હિતોનું રક્ષણ કરવાનું છે. અમારું આગામી લક્ષ્ય લોકસભામાં ૨૦બેઠકો જીતવાનું છે. ૧૩ મેના રોજ ચૂંટણી પરિણામ આવ્યા બાદ કોંગ્રેસ હજુ સુધી મુખ્યમંત્રીની જાહેરાત કરી શકી નથી. આ પહેલાં સોમવારે દિવસભર બેંગલુરુથી દિલ્હી સુધી બેઠકો યોજાઈ હતી. ધારાસભ્યો સાથે પરામર્શ કરીને દિલ્હી પહોંચેલા ત્રણ નિરીક્ષકો સુશીલ કુમાર શિંદે, જિતેન્દ્ર સિંહ અને દીપક બાવરિયાએ કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેને પોતાનો રિપોર્ટ સોંપ્યો છે.

સોમવારે સાંજે કોંગ્રેસ અધ્યક્ષ ખડગેના ઘરે આ બેઠક યોજાઈ હતી. કર્ણાટકના પ્રભારી રણદીપ સુરજેવાલાએ બેઠકમાંથી બહાર આવ્યા બાદ કહ્યું કે ખડગે રિપોર્ટનો અભ્યાસ કરશે. સોનિયા અને રાહુલ ગાંધીની સલાહ લેશે. અગ્રણી નેતાઓ સાથે ચર્ચા કરશે. આ પછી આજ સાંજ સુધીમાં આ અંગે નિર્ણય લેવામાં આવી શકે છે.

તેમણે કહ્યું કે ખડગે સિદ્ધારમૈયા, ડીકે શિવકુમાર અને કર્ણાટકના અન્ય નેતાઓ સાથે પણ ચર્ચા કરવા માગે છે. તેના માટે પાર્ટી હાઈકમાન્ડે બંનેને દિલ્હી બોલાવ્યા છે.

## નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યુરોનો ચોંકાવનારો અહેવાલ
## દેશમાં એક વર્ષમાં ૧.૨૫ લાખથી વધુ ખોટા કેસ નોંધાયા

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી તા. ૧૬

નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યુરોએ એક આરટીઆઈના જવાબમાં સ્વીકાર્યું છે કે છેલ્લા એક વર્ષમાં ૧.૨૨ લાખથી વધુ કેસ ખોટા નોંધાયા છે. તપાસ દરમિયાન આ કેસોમાં લાગેલા આરોપોની પુષ્ટિ થઈ શકી નથી. વિવિધ કાયદાઓના દુરુપયોગના આંકડા અત્યંત ચોંકાવનારા છે. રિપોર્ટ જણાવે છે કે લોકો અન્યને ફસાવવા માટે તેનો કેટલો દુરૂપયોગ કરે છે. રામપુરના આરટીઆઈ કાર્યકર્તા દાનિશ ખાને માહિતી અધિકાર હેઠળ માહિતી માંગી હતી કે છેલ્લા એક વર્ષમાં દેશમાં કેટલા કેસ નોંધાયા છે અને કેટલા કેસ ખોટા હોવાનું જાણવા મળ્યું છે. NCRB દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર, વર્ષ દરમિયાન તમામ ૨૯ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં ૨૭૨૬૮૭ કેસ નોંધાયા હતા, જેમાંથી ૧૨૨૨૧૧ કેસમાં તપાસ દરમિયાન આરોપોની પુષ્ટિ થઈ શકી નથી.

નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યુરોનાં અહેવાલમાં સ્પષ્ટતા કરવામાં આવી છે કે, પોલીસની તપાસમાં પણ આરોપોની પુષ્ટી થઈ શકી નથી દેશમાં સૌથી વધુ ખોટા કેસ ૩૩૯૩૨ રાજસ્થાનમાં નોંધાયા છે ત્યારબાદ યુપીમાં ૧૬૭૬૨ ખોટા કેસ નોંધાયા છે.

## ભારતમાં ચાલુ વર્ષે ચોમાસુ મોડું બેસશે - અનિશ્ચિત રહેશે : સ્કાયમેટ

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી તા.૧૬

ભારતમાં કેટલાંક વખતથી હવામાન અનિશ્ચિત બની રહેવા સાથે માવઠા-કમોસમી વરસાદ વરસી રહ્યા છે. ચોમાસાને પ્રભાવીત કરતી સિસ્ટમ અલ-નીનોનું પણ જોખમ છે. તેવા સમયે ખાનગી વેધર એજન્સી સ્કાયમેટ દ્વારા વધુ એક ચિંતા સર્જતી આગાહી કરવામાં આવી છે જેમાં ભારતમાં ચોમાસું મોડૂ થવાનું કહેવામાં આવ્યું છે. ભારતીય હવામાન વિભાગે હજુ ચોમાસાનાં પ્રારંભ વિશે આગાહી કરી છે

ત્યારે સ્કાયમેટનાં સહ સ્થાપક જતીનસિંઘે કહ્યું હતું કે ઉતર ભારતમાં ૧૮ મે પછી થંડર સ્ટોર્મ (આંધી) શરૂ થશે. ચોમાસાનો પ્રારંભ મોડો થવાની શક્યતા છે અને જુન માસમાં પણ કાળઝાળ ગરમીની શક્યતા છે. ૧૫ દિવસની આગાહી કરતાં ટવીટમાં તેઓએ કહ્યું કે ચોમાસાની જેમ ખરીફ વાવેતર પણ મોડુ શરૂ થવાની શકયા છે. ભારતીય કૃષિ તથા અર્થતંત્ર માટે અત્યંત મહત્વપૂર્ણ એવુ નૈઋત્ય ચોમાસું સામાન્ય રીતે ૧ જુને પ્રવેશ કરતુ હોય છે. સ્કાયમેન્ટ દ્વારા આ વખતનુ ચોમાસું નોર્મલ કરતા નબળુ રહેવાની આગાહી અગાઉથી જ કરવામાં આવી છે.

જેનાથી ગ્રામ્ય અર્થતંત્ર વપરાશ તથા આર્થિક વિકાસ પ્રભાવીત થઈ શકેછે. સ્કાયમેટની આગાહી મુજબ ચોમાસાનો વરસાદ સરેરાશના ૯૪ ટકા રહેવાની શક્યતા છે. ચોમાસાને પ્રભાવીત કરતી અલનીનો સીસ્ટમની અસરથી વરસાદ ઓછો થવાનું કહ્યું હતું. ભારતીય હવામાન વિભાગે જોકે ચોમાસું નોર્મલ રહેવાનું પ્રાથમીક અનુમાન દર્શાવ્યું હતું. અલનીનોની સામે પોઝીટીવ પરીબળો ઉભા થવાની આગાહી કરી છે અને સરેરાશ ૯૬ ટકા વરસાદ થવાનું કહ્યું હતું જે નોર્મલની વ્યાખ્યામાં આવે છે.

## છૂટક બજારમાં હોલસેલ કરતા બમણા ભાવે ખાદ્ય તેલનું વેચાણ

નવી દિલ્હી તા. ૧૬

તેલ-તેલીબિયાં બજારમાં, લગભગ તમામ ખાદ્ય તેલ-તેલીબિયાંના ભાવમાં સોમવારે ઘટાડો ચાલુ રહ્યો હતો. સરસવ, સીંગદાણા, સોયાબીન તેલ-તેલીબિયાં, ક્રૂડ પામ ઓઈલ અને પામોલિન અને કપાસિયા તેલ જેવા મુખ્ય ખાદ્યતેલોના ભાવમાં ઘટાડો જોવા મળ્યો હતો. અન્ય તેલ અને તેલીબિયાંના ભાવો યથાવત રહ્યા હતા. પરંતુ સામાન્ય માણસને તેનો લાભ મળી રહ્યો નથી. ખાદ્યતેલની છૂટક કિંમતો જથ્થાબંધ કિંમતો કરતાં લગભગ બમણી છે.

## પાકિસ્તાનમાં બે આદિવાસી જુથો વચ્ચે લોહિયાળ સંઘર્ષ : ૧૭નાં મોત

કોહાટ તા. ૧૬ : પાકિસ્તાનમાં જયાં ઈમરાન ખાનને લઈને પહેલાથી જ હોબાળો મચેલો છે. હવે ફરી એકવાર ત્યાં લોહિયાળ ખેલ જોવા મળ્યો છે. પાકિસ્તાનના પેશાવરના કોહાટ જિલ્લામાંથી પણ બે આદિવાસી જૂથો વચ્ચે લોહિયાળ સંઘર્ષના સમાચાર બહાર આવ્યા છે. પાકિસ્તાનના ન્યૂઝના અહેવાલ મુજબ, સોમવારે પાકિસ્તાનના અશાંત ઉત્તર-પશ્ચિમ વિસ્તારમાં કોલસાની ખાણના સીમાંકનને લઈને થયેલી લોહિયાળ અથડામણમાં ૧૬ લોકો માર્યા ગયા હતા. પોલીસ અધિકારીઓએ જણાવ્યું કે આ ઘટના પેશાવરથી લગભગ ૩૫ કિલોમીટર દૂર કોહાટ જિલ્લાના દારા આદમ ખેક વિસ્તારમાં બની હતી. અહીં ખાણના સીમાંકનને લઈને બે આદિવાસી જૂશોસન્નીખેલ અને ઝરખુન ખેલ જાતિઓ વચ્ચે લોહિયાળ સંઘર્ષ થયો હતો.

## સૌરાષ્ટ્રનાં ડેમોમાં ગત વર્ષ કરતા ઓછું પાણી



અમદાવાદ, તા.૧૬

સૌરાષ્ટ્ર-ગુજરાતમાં લાંબાવખત સુધી અનિશ્ચિત હવામાનના માહોલ પછી હવે આકરા ઉનાળાની કાળઝાળ ગરમી પડીરહી છે તે સાથે પાણીની ડીમાંડ-વપરાશ પણ વધી ગયા છે ત્યારે રાજયના જળાશયોમાં ગતવર્ષ જેટલુ પણ પાણી નહી હોવાનુ જાહેર થયુ છે.

ગુજરાતમાં પાણીનું કોઈ સંકટ નથી અને સ્થિતિ સંતોષકારક-સકારાત્મક હોવાના રાજય સરકારના દાવા સામે આંકડાકીય રિપોર્ટમાં બહાર આવ્યુ છેકે ગુજરાતના ૨૦૭ ડેમોમાં ગત વર્ષ કરતા ૮૧૮.૬ મીલીયન કયુબીક મીટર ઓછુ પાણીછે. જીવાદોરી સમાન સરદાર સરોવર (નર્મદા) ડેમમાં પણ ૪૧૨.૩ મીલીયન કયુબીક મીટર ઓછું પાણી છે. રાજયના પાણીપુરવઠા મંત્રી કુંવરજી બાવળીયાએ જણાવ્યું હતું કે જુલાઈ અંત સુધી પીવાના પાણીની કોઈ સમસ્યા ન પડે તે પ્રકારનું આયોજન ગોઠવવામાં આવ્યુ છે. જળાશયોના પાણી પીવામાટે અનામત આપવામાં આવ્યા છે.

સૌરાષ્ટ્રને લાગેવળગે છે ત્યાં સુધી ૧૪૧ ડેમોમાં ગત વર્ષ કરતા ૨૧૫.૯ મીલીયન કયુબીક મીટર ઓછુ પાણી છે.

મધ્ય ગુજરાતના ડેમોમાં ૧૦૬.૮ તથા દક્ષિણ ગુજરાતમાં ૫૬૩.૫ મીલીયન કયુબીક મીટર ઓછુ પાણી છે. ઉતર ગુજરાતના ૧૫ ડેમોમાં ગત વર્ષ કરતા ૪૨૮.૯ મીલીયન કયુબીક મીટર વધુ પાણી છે. કચ્છમાં ૪૯.૯ એમસીએમ વધુ પાણી છે. મોરબીના મચ્છુ ડેમમાં સૌથી વધુ ૯૯.૩ ટકા જળજથ્થો છે. રાજયના ૬ ડેમોમાં જ ૭૦ ટકાથી વધુ પાણી છે.

### કેન્યામાં બનેલી ભયાનક ઘટના
## પાદરીની સલાહથી ૨૦૦ લોકોએ ભુખ્યા રહીને જીવ ગુમાવ્યો

નૈરોબી, તા. ૧૬ : કેન્યામાં એપ્રિલ મહિનામાં એક ચોંકાવનારી ઘટના બની હતી. અહીં પોલીસને એક ખ્રિસ્તી કબ્રસ્તાનમાંથી સેંકડો મૃતદેહો મળી આવ્યા હતા. આ કબ્રસ્તાન જંગલમાં મળ્યું છે. આશ્ચર્યની વાત એ હતી કે આ તમામ મૃતદેહો એ લોકોના હતા જેઓ એક પાદરીની સલાહ પર ભૂખ હડતાળ પર ઉતર્યા હતા. કેન્યામાં એક વ્યકિત પહેલાં ટેક્સી ડ્રાઈવર બન્યો પછી ટીવી પર આવ્યો અને ખ્રિસ્તી ધર્મ વિશે વાત કરવા લાગ્યો. આ માણસનો પ્રભાવ એટલો ઊંડો હતો કે લોકો તેના કહેવા પર ભૂખે મરવા તૈયાર હતા. પછી જે બન્યું તે એક ભયાનક વાર્તા છે જે ધાર્મિક સ્વતંત્રતા પર પણ પ્રશ્નો ઉભા કરે છે. આ જંગલ આજકાલ ટોક ઓફ ધ ટાઉન બની ગયું છે. એક પૂજારીએ ઉપદેશ આપ્યા પછી આ જંગલ સામૂહિક હત્યા અને હત્યાનું સ્થળ બની ગયું. શનિવાર સુધી આ જગ્યાએથી આવા ૨૨ વધુ મૃતદેહો મળી આવ્યા હતા જે માટીમાં દટાયેલા હતા. પોલીસનું માનવું છે કે આમાંના મોટાભાગના મૃતદેહો હિંદ મહાસાગરની નજીક માલિંદીમાં મળી આવ્યા છે. આ મૃતદેહો પોલ નાથેંગ મેકેન્ઝીના અનુયાયીઓનાં છે. મેકેન્ઝી એક ટેક્સી ડ્રાઈવર હતો અને તેણે જ આ લોકોને મરવા માટે પ્રોત્સાહિત કર્યા હતા. તેમણે તેમને કહ્યું હતું કે જો તેઓ ભૂખ હડતાળ પર જશે તો તેમને જીસસને મળવાનો મોકો મળશે. અત્યાર સુધીમાં લગભગ ૨૦૦ મૃતદેહો કાઢવામાં આવ્યા છે.

### બેંકોનાં ખાનગીકરણનો બીજો તબક્કો શરૂ :
## યુકો અને બેંક ઓફ મહારાષ્ટ્રનું ખાનગીકરણ કરવા તૈયારી

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી તા. ૧૬

દેશની રાષ્ટ્રીયકૃત બેંકોની કુલ સંખ્યા ૫-૬ રાખીને અન્ય સરકારી બેંકોના ખાનગીકરણનો હવે બીજો તબકકો શરૂ થયો છે અને તેના માટે એક ખાસ કમીટી ભલામણ આપવા જણાવ્યું છે.

છેલ્લા બે વર્ષમાં સરકારી બેંકોની બેડલોન સહિતની એનપીએની સ્થિતિ સુધરી છે અને ઉંચા પ્રોવિઝનના કારણે બેંકોને જે નફામાં ઘટાડો થયો હતો તે સ્થિતિનો અંત આવીને હવે રાષ્ટ્રીયકૃત બેંકો ફરી તેના સારા બેલેન્સશીટ સાથે નફો વધારી રહી છે. જેના કારણે બેંકોના વેલ્યુએશનમાં પણ વધારો થયો છે.

જોકે અગાઉ સરકારે સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડીયા અને ઈન્ડીયન ઓવરસીઝ બેંકના ખાનગીકરણની તૈયારી કરી હતી પણ કોવિડ સહિતના કારણો તથા યુક્રેન યુદ્ધ વિ.ની જે અર્થતંત્ર તથા શેરબજાર પર અસર પડી હતી તેથી સરકારે આ ખાનગીકરણની પ્રક્રિયા સંભાળી દેવામાં આવી હતી પણ હવે સરકાર પુરી રીતે બેંકોના ખાનગીકરણની પ્રક્રિયાએ આગળ વધવા માંગે છે અને જે બેંકો શોર્ટલીસ્ટેડ થશે તેની કેટલી મુડી કયારે અને કેટલા તબકકામાં વેચવી તેનો એક સમયબદ્ધ કાર્યક્રમ પણ ઘડી કઢાશે.

નાણાવિભાગના એક ઉચ્ચ અધિકારીના જણાવ્યા મુજબ બેંકોનું ખાનગીકરણ એ હવે સરકારના અગ્રતાના એજન્ડામાં છે પણ હવે ફોક્સ નાની સરકારી બેંકો જેમકે બેંક ઓફ મહારાષ્ટ્ર અને યુકો બેંક પર ધ્યાન કેન્દ્રીત કરાશે. સ્ટેટ બેંક, પંજાબ નેશનલ બેંક કે પછી બેંક ઓફ બરોડાને આ એજન્ડામાંથી બહાર રખાઈ છે.

## વધુ ઉંમર અને ઓછી આવકનું કારણ દર્શાવીને ગન લાયસન્સ રીન્યુ કરવાનો ઈન્કાર થઈ શકે નહી : હાઈકોર્ટ

અમદાવાદ તા. ૧૬

ગુજરાતમાં વારંવાર 'સમાચાર' બનતા ગન-લાયસન્સ અને શરાબની પરમીટમાં વધુ એક વખત ગુજરાત હાઈકોર્ટે ચૂકાદામાં સ્પષ્ટ કહ્યું હતું કે મોટી ઉમર અને ઓછી આવક એ ગન લાયસન્સ રીન્યુ નહી કરવા માટેનું કારણ બની શકે નહી. ૮૦ વર્ષની વય વટાવી ચૂકેલા એક સજજનનું ગન લાયસન્સ રીન્યુ નહી કરવા ઓથોરીટીએ લીધેલા નિર્ણયની પુનઃ સમીક્ષા કરવા પણ ગુજરાત હાઈકોર્ટે જણાવ્યું હતું.

હાઈકોર્ટે જીલ્લા કલેકટર અને રાજયના ગૃહવિભાગના એ નિર્ણય સામે પ્રશ્ન ઉઠાવ્યો હતો. ન્યાયમૂર્તિ વૈભવ નાણાવટીએ જણાવ્યું હતું કે અરજદાર છેલ્લા ૫૭ વર્ષથી ગન લાયસન્સ ધરાવે છે અને તેમનો રેકોર્ડ પણ સ્વચ્છ છે. ફકત અરજદાર ૮૦થી વધુ વર્ષની ઉમરના થાય છે અને તેઓ નિવૃત નાગરિક છે તથા ખુદનું આવકવેરા રીટર્ન પણ ફાઈલ કરતા નથી. આ તમામ કારણોથી જ તેમનું ગન લાયસન્સ રીન્યુ કરી શકાય નહી તે વ્યાજબી કારણ નથી.


રાકેશ અગ્રવાલ
મો. ૯૮૯૮૧ ૮૬૨૧૯
૯૩૭૭૫ ૪૮૭૯૩




**રાકેશ ગેસ સપ્લાયર્સ**

● બેરીંગ, આગ ઓલવવાનાં બાટલા, ગેસના ચુલા, વેલ્ડીંગ રોડ, ઓક્સીજન ગેસ, ઈત્યાદિ હોલસેલ અને રીટેઈલ ભાવમાં મળશે.
● ફાયર એક્ષટીંગગ્યુસર બુશર રીફ્લીંગ કરી આપવામાં આવશે

ડીલર :- મેડીકલ ઓક્સીજન, ઈન્ડસ્ટ્રીયલ ગેસીસ, નાઈટ્રોજન, ખાર્ગોન. ડી.એ. એમોનીયા વગેરે...

રીલાયન્સ પેટ્રોલ પંપ, રાજકોટ રોડ, દોલતપરા, જૂનાગઢ


## પ્રસુતિ રજાનો સમયગાળો ૬ મહિનાથી વધારીને ૯ મહિના કરાશે

નવી દિલ્હી, તા. ૧૬ : મહિલા કર્મચારીઓને કેટલા દિવસની પ્રસૂતિ રજા આપવી તે ઘણીવાર ચર્ચાનો વિષય બને છે. સોમવારે આ અંગે એક નવું નિવેદન આવ્યું છે. આ નિવેદન નીતિ આયોગના સભ્ય પીકે પોલ તરફથી આવ્યું છે. પોલે કહ્યું કે ખાનગી અને જાહેર ક્ષેત્રે મહિલા કર્મચારીઓ માટે પ્રસૂતિ રજાનો સમયગાળો ૬ મહિનાથી વધારીને ૯ મહિના કરવાનો વિચાર કરવો જોઈએ. મેટરનિટી બેનિફિટ (એમેન્ડમેન્ટ) બિલ, ૨૦૧૬ સંસદમાં ૨૦૧૭માં પસાર કરવામાં આવ્યું હતું. આ અંતર્ગત પેઈડ મેટરનિટી લીવના પહેલા ૧૨ અઠવાડિયાને વધારીને ૨૬ અઠવાડિયા કરવામાં આવી હતી.

## ન્યુઝીલેન્ડમાં ચાર માળની ઈમારતમાં આગ લાગતા ૧૦નાં મોત

ઓકલેન્ડ તા. ૧૬ : ન્યુઝીલેન્ડમાં ચાર માળની હોસ્ટેલમાં લાગેલી આગમાં ઓછામાં ઓછા ૧૦ લોકોના મોત થયા છે. વડાપ્રધાન ક્રિસ હિપકિન્સે આ ઘટના અંગે માહિતી આપી છે. પીએમ ક્રિસ હિપક્ન્સિ પાસેથી મળેલી માહિતી અનુસાર, વેલિંગ્ટનમાં ભીષણ આગને કારણે ૬ લોકોના મોતની પુષ્ટિ કરવામાં આવી છે.

## કર્ણાટકમાં કોંગ્રેસને તેના પાંચ વચનો પુર્ણ કરવા માટે દર વર્ષે રૂા.૫૩૦૦૦ કરોડની જરૂર પડશે

નવી દિલ્હી તા. ૧૬ : કર્ણાટક વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસે જંગી જીત મેળવી છે. કોંગ્રેસે ચૂંટણી પહેલા કર્ણાટકની જનતાને પાંચ ગેરંટી આપી હતી. કોંગ્રેસે દાવો કર્યો હતો કે સત્તામાં આવતાની સાથે જ આ પાંચ વચનો પૂરા કરવામાં આવશે. કર્ણાટકમાં મુખ્યપ્રધાન પદના દાવેદારોમાંના એક સિદ્ધારમૈયાએ કહ્યું કે સરકાર રચાતાની સાથે જ તમામ ૫ ગેરંટી પૂરી કરવામાં આવશે. આવો જાણીએ શું છે આ પાંચ ગેરંટી અને જો તેનો અમલ થાય તો કર્ણાટક પર કેટલો બોજ પડશે હવે જો કર્ણાટકમાં કોંગ્રેસ પાર્ટી આ પાંચ ગેરંટી લાગુ કરે છે, તો કર્ણાટકની આવક ખાધ રૂ. ૬૦ હજાર કરોડથી વધીને રૂ. ૧ લાખ ૧૪ હજાર કરોડ થઈ જશે અને તે રાજયના કુલ બજેટના લગભગ ૨૧.૫ ટકા છે. કર્ણાટક પર પહેલેથી જ લગભગ પાંચ લાખ કરોડ રૂપિયાનું દેવું છે. આવી સ્થિતિમાં આ દેવું વધુ વધી શકે છે.

૨૦૦ યુનિટ મફત વીજળી : જો આ વાયદો પૂરો થશે તો સરકારે આના પાછળ વાર્ષિક ૧૪ હજાર ૪૩૦ કરોડ રૂપિયા ખર્ચવા પડશે અને રાજયના કુલ બજેટનો ૫% મફત વીજળી પર જ ખર્ચ થશે.


બેરોજગારી ભથ્થું : આ યોજના પર વાર્ષિક ખર્ચ ૩ હજાર કરોડ રૂપિયા થશે, અને રાજયના કુલ બજેટના ૧.૨ ટકા આ બેરોજગારી ભથ્થું આપવા પાછળ ખર્ચવામાં આવશે. મહિલા ભથ્થું : જો આ વચનનો અમલ થશે તો રાજય સરકારે તેના પર દર વર્ષે ૩૦ હજાર ૭૨૦ કરોડ રૂપિયા ખર્ચવા પડશે અને રાજયના કુલ બજેટના ૧૨.૫ ટકા આ યોજનાને લાગુ કરવા માટે ખર્ચવામાં આવશે. મફત અનાજ : આના પર વાર્ષિક ૫ હજાર કરોડ રૂપિયા ખર્ચવામાં આવશે અને રાજયના કુલ બજેટના ૨ ટકા આના પર જ ખર્ચ કરવામાં આવશે.

મફત મુસાફરી : આ ખર્ચનો અંદાજ કાઢવો થોડો મુશ્કેલ છે. પરંતુ તેનાથી પણ રાજયના કુલ બજેટ પર બોજ વધશે.


**લેવા-વેચવા**

લોકેશન વાડી ભાવમાં મિલ્કતો, ફલેટ, ડુપ્લેક્ષ, જમીન, દુકાન, બંગલા વગેરે તાત્કાલીક લેવા-વેચવા માટે સંપર્ક કરો


**મયંક એસ્ટેટ બ્રોકર**
**રસિકભાઈ પટેલ**
મો. ૯૫૮૬૩ ૪૧૦૨૧
૯૪૨૭૩ ૭૭૯૧૭




ઓપરેશનો મફત... ઓપરેશનો મફત... ઓપરેશનો મફત
● પીએમજય / આયુષ્યમાન કાર્ડ ધારકો માટે જ

**હરિ-કલા + યુરોસર્જીકલ હોસ્પિટલ**

**ડો. જયંત એચ. પંડયા**
જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેક્ટલ સર્જન



ઉપલબ્ધ સેવાઓ :
● હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA,HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ગેરંટીથી નાબૂદ થશે
● પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીકસના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો

પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જુના બસસ્ટેશન સામે, જૂનાગઢ-૧ ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૪૫૯૪,
મો. ૯૪૨૮૫ ૭૫૮૮૩, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

બીજી બ્રાંચ : હેલ્થ પ્લસ મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પીટલ અને રીસર્ચ સેન્ટર
લાલબહાદુરશાસ્ત્રી સોસાયટી, બસસ્ટેશન રોડ, જૂનાગઢ
મો. ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪



"વિકસિત ભારતની સંકલ્પ સિદ્ધિ માટે,
અમારી સરકાર યુવાનોને પ્રતિભા અને ઉર્જાને
યોગ્ય તક આપવા માટે પ્રતિબદ્ધ છે."

- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી

# યુવા શક્તિ
## ને મળી રહી છે તકો અપાર
# નવા ભારત
## નો બની રહ્યો આધાર

## દેશના યુવાનોને
# 10 લાખ
સરકારી નોકરીઓ આપવાના સંકલ્પને સાકાર કરવા માટે

# રોજગાર મેળો

## પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી
દ્વારા

## દેશભરના 45 સ્થળો પર 71 હજારથી વધુ નવ-નિયુક્ત યુવાનોને
# નિયુક્તિ પત્રોનું વિતરણ

**16 મે, 2023 સવારે 10:30 કલાકે**

- સહયોગી રાજ્ય સરકારો સાથે મળીને ભારત સરકાર સર્જન કરી રહી છે દર મહિને લગભગ એક લાખ નવા રોજગાર
- વિશેષ ઓનલાઇન સિસ્ટમથી ખાલી જગ્યાઓ અને ભરતી પ્રક્રિયાની નિરંતર દેખરેખ
- મહિલાઓ, દિવ્યાંગજન અને આકાંક્ષી જિલ્લાઓના ઉમેદવારોને થશે ખાસ લાભ
- વિભિન્ન સરકારી વિભાગોમાં દરેક નવ-નિયુક્તોને ઓનલાઇન ટ્રેનિંગ માટે કર્મયોગી પ્રારંભ મોડ્યૂલ
- દરેક નિયુક્તિઓ યુપીએસસી, એસએસસી, રેલવે ભરતી બોર્ડ જેવી એજન્સીઓના માધ્યમથી કરવામાં આવી રહી છે
- સરળ, નિષ્પક્ષ અને પારદર્શી પસંદગી પ્રક્રિયા

DD NEWS ડીડી ન્યૂઝ પર કાર્યક્રમનું જીવંત પ્રસારણ જુઓ.

CBC 06305/15/0001/2324

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

## તંત્રી લેખ

# ભારત જેનરિક દવાઓનો દેશ બન્યો છે ત્યારે દવાઓની ગુણવત્તા નિશ્ચિત કરવી જરૂરી

ઔષધિ અને શલ્ય ચિકિત્સા એટલે કે સર્જરીની ભારતમાં સદીઓજૂની સમૃધ્ધ પરંપરા રહી છે. સમયની સાથે નવાચારોથી આ પરંપરા ઓર નિખરતી ગઈ. તેનું જ પરિણામ છે કે આજે ભારતને 'દુનિયાના દવાખાના'ની પ્રતિષ્ઠા મળેલી છે. આયુર્વેદના પ્રાચીન જ્ઞાનથી લઈને સુશ્રુતના ઉત્કૃષ્ટ કાર્ય સુધી ચિકિત્સા ક્ષેત્રમાં ભારતે એક સ્થાયી અને ઊંડો પ્રભાવ છોડ્યો છે. આ સશક્ત બુનિયાદે દેશને આધુનિક ચિકિત્સામાં પણ પ્રગતિ તરફ ગતિ કરાવી છે. તેના આધાર પર વિભિન્ન ક્ષેત્રોમાં શોધ અને વિકાસને ગતિ મળી, જેનો લાભ દવાઓ, જૈવ ટેક્નલોજી અને સ્વાસ્થ્ય ઉપકરણોના વિકાસમાં થયો. આજે ભારત વિશ્વ દવા ઉદ્યોગનું મુખ્ય ખેલાડી છે, જે ઉચ્ચ ગુણવત્તાવાળી કિફાયતી દવાઓ ઉપલબ્ધ કરાવી રહ્યું છે. આ દવાઓ વિકસિત અને વિકાસશીલ દેશોના કરોડો લોકો સુધી પહોંચી રહી છે. એનાથી વિશ્વભરમાં સ્વાસ્થ્યની દશા-દિશા સુધારવામાં મોટી સફળતા મળી છે. ભારતમાં કુશળ કામકાજી આબાદી, મજબૂત શૈક્ષણિક માળખું અને સરકારી પ્રોત્સાહક નીતિઓથી ચિકિત્સા અને દવાઓના ક્ષેત્રમાં અત્યાધુનિક શોધ અને નવાચાર માટે અનુકૂળ પરિવેશ પણ તૈયાર થયું.

દેશમાં દવા ઉદ્યોગના નિરંતર વિસ્તાર અને વિશ્વ બજારમાં તેની ઊંડી પહોંચની પુષ્ટિ નિકાસના આંકડાથી થાય છે. ૨૦૧૩-૧૪થી ૨૦૨૧-૨૨ વચ્ચે ભારતીય દવા ઉદ્યોગની નિકાસ ૯૦,૪૧૫ કરોડ રૂપિયાથી ૧૦૩ ટકાની વૃદ્ધિ સાથે વધીને ૧,૮૩,૪૨૨ કરોડ રૂપિયા થઈ ગઈ. ફક્ત આઠ વર્ષમાં આ ઉદ્યોગનો આકાર ૧૦ અબજ ડોલર સુધી પહોંચવો દવા ક્ષેત્રમાં ભારતની પ્રગતિ અને વિશ્વ સ્તર પર તેની મજબૂતી દેખાડે છે. આ અણધારી તેજી ભારતના દવા ક્ષેત્રની તાકાત સાથેજ સરકાર દ્વારા તૈયાર કરવામાં આવેલ અનુકૂળ પરિવેશની કહાની પણ કહે છે. સક્રિય અને ગતિશીલ નીતિઓએ દવા ક્ષેત્ર માટે એક એવું તંત્ર વિકસિત કર્યું કે તે ફૂલીફાલીને વૈશ્વિક સ્તર પર પોતાનો સ્થાયી પ્રભાવ છોડવામાં સક્ષમ થઈ શકે. આ કહાનીને વધુ શાનદાર બનાવવા માટે સરકારે ઉત્પાદન આધારિત પ્રોત્સાહન એટલે કે પીએલઆઈ જેવી યોજના રજૂ કરી, જેમાં દવા ઉદ્યોગની સાથે જ તેમાં ઉપયોગ કરાતો કાચો માલ ઉત્પાદનને ઉત્તેજન આપવામાં આવ્યું. તેણે દેશમાં જેનેરિક દવા ઉદ્યોગ વિનિર્માણને નવો આયામ આપ્યો. અસલમાં જ્યારે દવાઓની બ્રાન્ડ પેટન્ટ સમાપ્ત થઈ જાય છે તો તેનાથી અન્ય નિર્માતા પણ આ દવાઓને ઉત્પાદન કરી શકે છે, જેમને જેનેરિક દવા કહે છે. આ દવાઓમાં તત્ત્વો તો એ જ હોય છે, પરંતુ તેનો ખર્ચ લગભગ ૩૦ થી ૮૦ ટકા સુધી ઓછી હોય છે. સસ્તી હોવાને કારણે તે એક મોટી આબાદીની પહોંચમાં સહજતાથી આવી જાય છે. ભારત આ સમયે વિશ્વમાં જેનેરિક દવાઓનો સૌથી મોટો ઉત્પાદક દેશ છે.

નિઃસંદેહ જેનેરિક દવાઓની ગુણવત્તાને લઈને કેટલીક ચિંતા વ્યક્ત કરવામાં આવે છે. મોટી સંખ્યામાં નિર્માતાઓની હાજરી અને બજારના પ્રતિસ્પર્ધી રૂપને જોતાં કેટલીક કંપનીઓ જરૂરી માપદંડોની અવગણના કરે છે, જેનાથી ઉતરતી કક્ષાની દવાઓ બજારમાં પહોંચીને દર્દીઓના સ્વાસ્થ્ય માટે ખતરો પેદા કરે છે. હાલના દિવસોમાં દેશમાં નિર્મિત મિલાવટી કફ સિરપનો મામલો સમાચારોમાં ચમક્યો હતો. આ દુર્ભાગ્યપૂર્ણ છે. એવામાં દવા નિયામક ડ્રગ્સ કંટ્રોલર જનરલ ઓફ ઈન્ડિયા એટલે કે ડીસીજીઆઈની સખ્તાઈ સ્વાગતયોગ્ય છે. ગયા મહિને જ ડીસીજીઆઈએ વ્યાપક નિરીક્ષણ બાદ હલકી અને મિલાવટી દવાઓ બનાવનારી ૧૮થી વધુ દવા કંપનીઓના લાયસન્સ રદ્દ કરવાથી લઈને તેની બરતરફી સુધ્ધાની કાર્યવાહી કરી. એના પર કેટલાક લોકોને લાગી શકે છે કે એનાથી કંપનીઓ પર અનુપાલનનો બોજ અને દબાણ વધી જશે. જોકે એવી સ્થિતિથી બચવા માટે સ્વ-નિયમનની પ્રક્રિયા બહેતર હોય છે, પરંતુ મોટાભાગે તેમાં માપદંડોની અવગણના થઈ જાય છે, જેનાં ઘાતક પરિણામ જોવા મળે છે. તેનાથી શાખ પર દાગ લાગે છે.

લોકોના સ્વાસ્થ્ય સાથે કોઈ સમજૂતી ન થઈ શકે એટલે સરકાર માટે સખત નિયામકીય માળખું સક્રિય રાખવું જરૂરી બની જાય છે. એવા નિયામકીય માળખા માટે જરૂરી થઈ જાય છે કે તે ઉદ્યોગમાં નવાચાર અને વૃદ્ધિની સાથે જનસ્વાસ્થ્યની સુરક્ષા રાખવાના પ્રભાવી ઉપાયો વચ્ચે સંતુલન સ્થાપે. આ જ કડીમાં દેશમાં દવાઓની ગુણવત્તા સુનિશ્ચિત કરવા માટે ભારતે કેટલાય નિયામકીય પગલાં ઉઠાવ્યાં છે. તેમાં દવાઓમાં ઉપયોગ થતી સામગ્રી અને કેટલીક દવાઓ માટે બારકોડ કે ક્વિક રિસ્પોન્સ કોડની વ્યવસ્થા, કેન્દ્રીય દવા માનક નિયંત્રણ સંગઠન (સીડીએસસીઓ)માં ખાલી પદો પર ભર્તીઓની સંખ્યા વધારવી અને ઉતરતી દવાઓ માટે કંપનીઓને જવાબદાર ઠેરવવા જેવી પહેલ સામેલ છે. સીડીએસસીઓ અંતર્ગત આવનારી પરીક્ષણ પ્રયોગશાળાઓની પરીક્ષમ ક્ષમતાઓનો વિસ્તાર કરવામાં આવી રહ્યો છે. સાથે જ ડ્રગ્સ એન્ડ કોસ્મેટિક્સ નિયમોને એ પ્રકારે બદલવામાં આવ્યા છે કે કોઈપણ ઉત્પાદનનું વ્યાવસાયિક ઉત્પાદન લાયસન્સ જારી કરતાં પહેલાં તેને કેટલીય કસોટીઓ પર ખરું ઉતરવું પડશે.

સરકારે ડ્રગ્સ એન્ડ કોસ્મેટિક્સ એક્ટ, ૧૯૪૦માં સંશોધનની દિશામાં પણ પહેલ કરી છે, જેમાં મિલાવટી અને ઉતરતી દવાઓ બનાવવા માટે સખત સજા, એવા અપરાધોને બિન-જામીનપાત્ર બનાવવા અને તેની પતાવટ માટે વિશેષ અદાલતોની રચનાની જોગવાઈ છે. તે ઉપરાંત ડ્રગ્સ એન્ડ કોસ્મેટિક્સ રૂલ્સ, ૧૯૪૫ને પણ સંશોધિત કરવામાં આવ્યો છે, જેમાં કેન્દ્ર અને રાજ્ય સરકારના નિરીક્ષકોના અધિકારોનો દાયરો વધારવામાં આવ્યો છે. નિયામકીય માળખાને વ્યાપક રૂપે ઉન્નત બનાવવા માટે કેન્દ્ર સરકારે ૬૬૫ કરોડ રૂપિયા પણ ફાળવ્યા છે.

# રાજયભરમાંથી ૧૩ જીલ્લાના ૧૦૨ બાળકોક પર્વતારોહણ એડવેન્ચર કોર્સમાં જોડાયા




જૂનાગઢ, તા.૧૬

રમતગમત, યુવા અને સાંસ્કૃત્તિક પ્રવૃત્તિઓ વિભાગ અને કમિશ્નર યુવક સેવા અને સાંસ્કૃત્તિક પ્રવૃત્તિઓ ગાંધીનગર આયોજીત પંડિત દીન દયાળ ઉપાધ્યાય પર્વ+તારોહણ તાલીમ કેન્દ્ર જૂનાગઢ સંચાલીત સરકારી એડવેન્ચર કોર્સ તા.૯ થી ૧૫ મે ૨૦૨૩ દરમ્યાન યોજાયો હતો. જેમાં રાજયભરમાંથી ૧૩ જિલ્લાના ૧૦૨ બાળકો એ ભાગ લીધો હતો. જેમાં તાલીમ, નિવાસ, ભોજન, ગણવેશની સુવિધા આપવામાં આવી હતી. આ એડવેન્ચર કોર્સમાં બચુ મકવાણા તલોદ, રણજીતસિંહ ઝાલા ધાંગધ્રા, ચંદુલાલ ઠુંમર જેતપુર, આરતી પરમાર ઝાંઝમેર, મિલાપ સોની વડોદરા, વિવેક ડાભી જસદણ, અર્ચના ચૌહાણ વડોદરા, રિંકલ વઘાસીયા ભાવનગર, યશ નારીયા ,વિપુલ કારેણા જૂનાગઢએ માનદ ઈન્સ્ટ્રક્ટર તરીકે સેવા આપેલ હતી. સમાપન કાર્યક્રમમાં એ.એ.ભાલીયા મદદનીશ વન સંરક્ષક, જૂનાગઢ તથા એન.ડી.વાળા જિલ્લા યુવા વિકાસ અધિકારી જૂનાગઢની પ્રેરક ઉપસ્થિતીમાં શિબિરાર્થીઓને પ્રમાણપત્ર આપી સન્માનિત કર્યા હતા. શિબિરાર્થીઓની શારીરિક અને માનસિક રીતે સજ્જ બને તેમની સુષુપ્તમ શક્તિઓ બહાર લાવાવામાં આવી સાહસિક શિબિરો ઉપયોગી સાબિત થાય તે માટે સૌ નાના બાળકોને વધુમાં વધુ જોડાય તે માટે અપીલ કરી હતી. આ કાર્યક્રમમાં બાળકો એ પોતાના અભિપ્રાય તથા સાંસ્કૃત્તિક પ્રસ્તુતીઓ રજૂ કરેલ હતી. તેમજ કાર્યક્રમનું સંચાલન શિબિરાર્થી પ્રિયાંશીબા જાડેજા, ભવ્ય ગોંડલીયા એ કરેલ હતું.

# ખંભાળિયા પંથકનું વહાણ યમનમાં ભસ્મીભૂત થયું : તમામ ખલાસીઓ સલામત

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા, તા.૧૬




ખંભાળિયા તાલુકાના સલાયા ગામે રહેતા આસિફ અબ્દુલ્લા ભાયા નામના એક વહાણવટીનું "સુલતાને ઓલિયા" નામનું અને બીડીઆઈ ૧૪૮૨ રજીસ્ટ્રેશન નંબર ધરાવતું વહાણ આજરોજ યમન ખાતે કોઈ કારણોસર આગની ઝપેટમાં આવી ગયું હતું. આશરે ૧૧૦૦ ટન જેટલી કેપેસિટીનું આ જનરલ કાર્ગો વહાણ આજરોજ સવારે યમનના મકલા પોર્ટ ખાતે હતું, ત્યારે કોઈ કારણોસર તેમાં અકસ્માતે આગ લાગી હતી અને થોડીવારમાં આ આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું. જેના કારણે આ વહાણ મહદઅંશે બળીને ખાખ થઈ ગયું હતું. આ આગના ધુમાડાના ગોટે ગોટા દૂર સુધી જોવા મળ્યા હતા.

જો કે આ વહાણમાં રહેલા તમામ ખલાસીઓ સહી સલામત હોવાનું અને કોઈ મોટી જાનહાની ન થયાનું માહિતગાર સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે. પરંતુ વહાણમાં નોંધપાત્ર નુકસાની થવા પામી હતી. આગનું કોઈ ચોક્કસ કારણ હાલ બહાર આવ્યું નથી. ખંભાળિયા પંથકના વહાણમાં આગ લાગવાના આ બનાવથી સલાયા તથા ખંભાળિયા પંથકના વહાણવટીઓમાં ભારે શોકની લાગણી પ્રસરી જવા પામી છે.

# વાઘ બકરી ટી ગ્રુપનાં વાઈસ ચેરમેન શ્રી પંકજભાઈ દેસાઈનું દુઃખદ અવસાન

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ, તા.૧૬



અમને જણાવતા અત્યંત દુઃખ અનુભવીએ છીએ કે વાઘ બકરી ટી ગ્રુપનાં વાઈસ ચેરમેન શ્રી પંકજભાઈ દેસાઈનું શુક્રવાર તા. ૫મી મે, ૨૦૨૩ના રોજ અમદાવાદ (ગુજરાત) ખાતે ૮૧ વર્ષની વયે દુઃખદ અવસાન થયું છે. શ્રી પંકજભાઈ એક સ્વપ્રદ્રષ્ટા નેતા અને ચા ઉદ્યોગમાં એક અગ્રણી વ્યક્તિ હતા, જેમણે કંપનીની વૃદ્ધિ અને સફળતાને આકાર આપવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. ૨જી જૂન ૧૯૪૨ના રોજ અમદાવાદ, ભારતમાં જન્મેલા શ્રી પંકજભાઈ ગુજરાત યુનિવર્સિટીના સ્નાતક હતા અને ચા ઉદ્યોગ પ્રત્યે ઊંડો લગાવ ધરાવતા હતા. તેઓ ખૂબ જ નાની ઉંમરે વાઘ બકરી ચા - તેમના પારિવારિક વ્યવસાયમાં જોડાયા હતા. એક જાણકાર ચા વિશેષજ્ઞ હોવાની સાથે તેઓ નાણાંકીય બાબતોનાં પણ પ્રખર જાણકાર હતા. જેથી વ્યૂહાત્મક યોજનાઓ દ્વારા સપ્લાય ચેઈન પાર્ટનર્સની તેમણે વાઘ બકરી જૂથની વૃદ્ધિ અને પ્રગતિમાં મહત્વની ભૂમિકા ભજવી છે. તેમના નેતૃત્વ હેઠળ, વાઘ બકરી ચા સ્થાનિક બજાર તેમજ આંતરરાષ્ટ્રીય બજારોમાં મજબૂત હાજરી સાથે, ભારતની અગ્રણી ચા કંપનીઓમાંની એક બની. શ્રી પંકજભાઈ તેમના નવીન વિચારો અને ગુણવત્તા પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતા માટે જાણીતા હતા, તેઓએ કંપનીને ભારતની ત્રીજી સૌથી મોટી ચા કંપની બનવામાં બહોળું યોગદાન આપ્યું કે જની શરુઆત અમદાવાદ ખાતે નાની રિટેલ દુકાનોથી થઈ હતી. શ્રી પંકજભાઈ એ એક કુશળ ઉદ્યોગપતિ તરીકે માત્ર વ્યાપાર ક્ષેત્રની ની જટીલતાઓ પર જ વિજય નથી મેળવી પણ તેમના અંગત જીવનમાં પણ પ્રબળ બનીને બે બાળકો, પુત્ર પારસ અને પુત્રી સપનાનો ઉછેર અતૂટ પ્રેમ અને જીવનના મૂલ્યોનું સિંચન કરીને કર્યો છે. વર્તમાન એક્ઝિક્યુટિવ ડિરેક્ટરો શ્રી પરાગ દેસાઈ અને શ્રી પારસ દેસાઈ નાં નેતૃત્વ અને સંચાલન હેઠળ કંપની નવા શિખરો સર કરી રહી છે, કે જેમણે શ્રી પંકજભાઈના માર્ગદર્શન હેઠળ ચાના વ્યવસાયની કુશળતા પ્રાપ્ત કરી છે. તેમની વ્યાવસાયિક સિદ્ધિઓ ઉપરાંત, શ્રી પંકજભાઈ પરોપકારી અને સામાજિક કાર્યોના માટે પણ જાણીતા હતા. વાઘબકરી ફાઉન્ડેશનની સ્થાપના દ્વારા તેઓ અનેક જરુરતમંદ લોકો માટે સહાયરુપ બન્યા. તેઓ વિવિધ સેવાભાવી સંસ્થાઓમાં સક્રિયપણે સામેલ હતા અને લોકોના જીવનને સુધારવા માટે પ્રતિબદ્ધ હતા. શ્રી પંકજભાઈના નિધનથી ચા ઉદ્યોગ અને વેપાર જગતમાં એક ન પુરાય એવો ખાલીપો સર્જાયો છે. જે તેમના પરિવાર, મિત્રો, સાથીદારો અને અસંખ્ય લોકો દ્વારા હમેશા યાદગાર રહેશે. જેમના સાથે તેઓ સંકળાયેલા હતા. પ્રભુ તેમનાં આત્માને શાંતિ અર્પે. અમારી સહાનીભુતી અને પ્રાર્થનાઓ આ મુશ્કેલ સમયમાં શ્રી દેસાઈના પરિવાર સાથે છે.

# જૂનાગઢમાં સમસ્ત હિન્દુ ધોબી સમાજ યુવક મંડળ ટ્રસ્ટ દ્વારા રાંદલમાના સમુહ -બાવન લોટાનું આયોજન

જૂનાગઢ, તા.૧૬



સમસ્ત હિન્દુ ધોબી સમાજ યુવક મંડળ ટ્રસ્ટ જૂનાગઢ દ્વારા સૌ પ્રથમવાર રાંદલમાના સમુહ બાવન લોટાના કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવેલ છે. આગામી તા.૨૧/૫/૨૦૨૩ને રવિવારના રોજ સમસ્ત હિન્દુ ધોબી જ્ઞાતિની વાડી (ગોમતીમાની જગ્યા) ગિરનાર રોડ જૂનાગઢ ખાતે સવારના ૬ થી ૭ દરમ્યાન સ્થાપના કરવામાં આવશે. સવારે ૮:૩૦થી ૧૨:૩૦ રાંદલમાનો યજ્ઞ તેમજ બપોરે ૧૨ થી ૨ ગોરણી પૂજન તેમજ ૧૨થી ૨ દરમ્યાન સમુહ પ્રસાદી તેમજ માતાજીના ગરબા સાંજે ૫ થી ૭ અને રાત્રે ૧૦થી ૧૨ યોજાશે તેમજ બાવન દિવળાની સંધ્યા આરતી સાંજે ૭:૩૦થી ૮ દરમ્યાન તેમજ ઉથાપન તા.૨૨/૫/૨૦૨૩ સોમવારે સવારે ૬ કલાકે યોજાશે. આ ધાર્મિક કાર્યક્રમનો લાભ લેવા નિમંત્રણ પાઠવવામાં આવેલ છે. કાર્યક્રમને સફળ બનાવવા માટે સંસ્થાના પ્રમુખ મનસુખભાઈ વાજા અને કાર્યકર્તાઓ દ્વારા જહેમત ઉઠવવામાં આવી રહી છે.

# ખંભાળિયામાં ટ્રાફિક પોલીસ દ્વારા નિયમોની અમલવારી અંગે વાહનચાલકોને સમજ અપાઈ

(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૬

ખંભાળિયા - દ્વારકા હાઈવે રોડ ઉપર શનિવારે દેવભૂમિ દ્વારકા જિલ્લા ટ્રાફિક પી.એસ.આઈ. તથા સ્ટાફ દ્વારા લોકોમાં ટ્રાફિક અંગેની જાગૃતિ આવે તેમજ માર્ગ અકસ્માતના બનાવ ન બને તે હેતુથી હાઈવે માર્ગ ઉપર હેલ્મેટ પહેર્યા વગર નીકળેલા વાહન ચાલકોને અટકાવી, તેમને હેલ્મેટ પહેરવા તથા વાહનો અંગેના નિયમોની અમલવારી કરવા અંગે સમજ



આપવામાં આવી હતી.

# આંતરરાષ્ટ્રીય મ્યુઝિયમ દિવસ નિમિત્તે ૧૮ મેએ જૂનાગઢ સાયન્સ મ્યુઝિયમ દ્વારા વિદ્યાર્થીઓ માટે સુવિધા

જૂનાગઢ, તા.૧૬

જૂનાગઢનું એકમાત્ર સાયન્સ મ્યુઝિયમ - તારામંડલ છેલ્લા ૧૨ વર્ષથી કાર્યરત છે. જેમાં નવી પેઢી માટે વિવિધ જ્ઞાનપ્રદ ઉપક્રમો હોય છે. આ પરંપરામાં તા.૧૮ મેએ આંતરરાષ્ટ્રીય મ્યુઝિયમ દિવસ નિમિતે સંચાલકોએ આવકારદાયક નિર્ણય લીધેલ છે. તા.૧૮ મેના દિવસે કોઈપણ સ્કૂલના વિદ્યાર્થીઓને સાયન્સ મ્યુઝિયમની મુલાકાત નિઃશુલ્ક રહેશે. જે માટે તેમના કોઈપણ જૂના - નવા આઈકાર્ડ રજૂ કરવાથી આ સુવિધા મળશે. ગિરનાર દરવાજા , ફાયર સ્ટેશન સામે આવેલ આ મ્યુઝિયમની મુલાકાતનો સમય સવારે ૧૦ થી ૧ અને બપોરે ૩ થી ૬ હોય છે. જેમાં ૪૦થી વધારે વિજ્ઞાન આધારિત પ્રોજેક્ટનો સમાવેશ છે. આ સ્થળની વિશેષતા એ છે કે, સામાન્ય રીતે મ્યુઝિયમમાં વસ્તુઓને અડવાની મનાઈ હોય છે. જ્યારે અહીં મુલાકાતીઓ પોતે સાધનો દ્વારા વિજ્ઞાનના સિદ્ધાંતો પ્રેક્ટિકલી સમજે છે તો વેકેશનમાં જ્ઞાન સાથે ગમ્મતનો આ વિશેષ લાભ લેવા અનુરોધ કરવામાં આવેલ છે.

# નર્સો આરોગ્ય ક્ષેત્રમાં હૃદય સમાન છે : શ્રીમતી ઝહાબીયા ખોરાકીવાલા

## વોકહાર્ટ હોસ્પિટલ્સ ગૃપ દ્વારા નર્સ દિવસની ઉજવણી કરવામાં આવી : ૮૦૦ જેટલી નર્સોએ ભાગ લીધો

(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ, તા.૧૬



નર્સો એ આરોગ્ય ક્ષેત્રમાં મહત્વનો ભાગ ભજવે છે .જેઓ દર્દીની સંભાળ માટે જવાબદાર છે.તેઓ વખાણ કે કોઈ અપેક્ષા વગર તેની ફરજ નીભાવે છે. નર્સો દ્વારા કરેલા નિઃસ્વાર્થ કાર્યોને બીરદાવવા અને આંતરાષ્ટ્રીય નર્સ દિવસની ઉજવણી માટે વોકહાર્ટ હોસ્પિટલની શાખાઓ જેમાં મીરા રોડ,મુંબઈ સેન્ટ્રલ,રાજકોટ અને નાગપુર ખાતે વિવિધ મનોરંજક પ્રવૃતીઓ કરી નર્સ દિવસની સુંદર ઉજવણીનુ આયોજન કરેલ હતુ.આ વર્ષની વિશેષ થીમ "અમારી નર્સ,અમારૂ ભવિષ્ય જેનો હેતુ નર્સોનુ મુલ્ય,રક્ષણ અને સન્માન કરવાનો છે.આ ઉપરાંત વૈશ્વિક સ્વાસ્થ્યના પડકારોને ઉકેલવાનો અને દરેક માટે વૈશ્વિક સ્વાથ્ય સુધારવાનો ધ્યેય છે. દર્દીઓનું સંચાલન અને સંભાળ રાખવામાં નર્સો નિર્ણાયક ભુમિકા ભજવે છે. તેઓ દર્દીની શારીરિક જરૂરીયાતોનું ધ્યાન રાખે છે. આરોગ્યની વિવિધ પરિસ્થિતીઓમાં પણ તેઓ સારવાર અને નિદાન કરે છે અને બીમારીઓને દર્દીથી દુર રાખે છે.તેઓ તબીબોની સાથે રહીને ઉત્કૃષ્ઠ સારવાર પુરી પાડે છે.તેઓ દર્દીઓને અને તેમના પરીવારને ભાવનાત્મક ટેકો આપે છે અને હકારાત્મક વાતાવરણ બનાવી રાખે છે. નર્સો આપણી આરોગ્ય ક્ષેત્રની કરોડરજ્જુ સમાન છે.તેઓ સતત દર્દીની સંભાળ રાખે છે અને તેઓની જરૂરીયાતોથી વાકેફ હોય છે. નર્સો દ્વારા કરવામાં આવેલ કાર્યને ઓળખવા માટે એક સપ્તાહ માટે નર્સ દિનની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સૌપ્રથમ વોકહાર્ટનુ એન્થમ ગીત વગાડવામાં આવેલ ત્યારબાદ નર્સિંગના અધિકારીઓનુ સન્માન કરવામાં આવ્યું અને અલગ અલગ મનોરંજક પ્રવૃતીઓ જેમાં સેલ્ફી, પોસ્ટર ડ્રોઈંગ, ગાયન સ્પર્ધા અને નૃત્ય સ્પર્ધા બાદ નર્સોની પ્રતિજ્ઞા કાર્યક્રમ કરી આ દિવસની ઉજવણી કરવામાં આવી. આ ઉપરાંત ૧૫ વર્ષ પુર્ણ કરનાર વરિષ્ઠ નર્સોએ અશ્રુભીની આંખો સાથે તેમના અનુભવોનુ વર્ણન કર્યુ. નવા જોડાયેલા નર્સોના ઉત્સાહ માટે તેઓને મુલ્યવાન માર્ગદર્શન પણ આપવામાં આવેલ હતું. આ ઉપરાંત હોસ્પિટલ ચીફ દ્બારા નર્સોને પ્રોત્સાહન આપવા ૫,૧૦ અને ૧૫ વર્ષ પુર્ણ કરનારને સોનાના સિકકાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું.આ દિવસની ઉજવણીનુ સમાપન કેક કાપીને કરવામાં આવેલ હતું. વોકહાર્ટ હોસ્પિટલ્સના એમ.ડી. શ્રીમતી ઝહાબીયા ખોરાકીવાલાએ જણાવેલ હતુ કે નર્સો નિઃસ્વાર્થ પણે દર્દીની સેવા કરવા માટે તેમના જીવનનું બલીદાન આપે છે. તેઓ હંમેશા કોઈપણ આરોગ્ય સંભાળ કટોકટીના સમયે મોખરે હોય છે અને મજબુત રીતે પડકારોનો સામનો કરે છે. તેઓ આપણી આરોગ્ય ક્ષેત્રના હૃદય સમાન છે. તેઓ દર્દીના જીવનમાં મહત્વપુર્ણ ભુમિકા ભજવે છે. દર્દીઓના સ્વાથ્યને સુધારવા માટે ૨૪ કલાક કામ કરતી નર્સોને સન્માનિત કરવા માટે આંતરરાષ્ટ્રીય નર્સ દિવસની ઉજવણી કરવામાં આવે છે. અમે દરેક નર્સનો આભાર માનીએ છીએ અને તેમના દ્વારા આપવામાં આવતી પ્રતિબધ્ધતા, પ્રેમ, સંભાળ અને સમર્થન માટે ગર્વ અનુભવીએ છીએ. અમારી નર્સોએ હોસ્પિટલ માટે મહત્વપુર્ણ યોગદાન આપ્યુ છે. અમે નર્સો માટે સતત સમર્થન અને પ્રેમ મેળવવાની આશા રાખીએ છીએ અને તેમની કાળજી લેવાનુ વચન આપીએ છીએ. વોકહાર્ટ હોસ્પિટલ્સ ગ્રુપના કિલનિકલ ડાયરેકટર અને ચીફ ઓપરેટીંગ ઓફિસર કલાઈવ ફર્નાન્ડીસે જણાવેલ છે કે વોકહાર્ટ હોસ્પિટલમાં અમે હંમેશા અમારી નર્સોના મહત્વપુર્ણ કાર્યની પ્રશંશા કરીએ છીએ.તેઓ એક કહેવતનું પ્રતિક છે કે "તમે જો એક જીવને બચાવો છો તો તમે એક હિરો છો પરંતુ તમે સો જીવને બચાવો છો તો તમે એક નર્સ છો". નર્સોએ આરોગ્યસંભાળ પ્રણાલીના પાયા સમાન છે અને નર્સોની પ્રેમાળ સંભાળ અને સહાનુભુતિ વિના કોઈપણ હોસ્પિટલ પુર્ણ થઈ શકે નહિં. આ દિવસની ઉજવણીનો હેતું નર્સોની મહત્વપુર્ણ કાર્યોને ઓળખવાનો અને તેની પ્રશંશા કરવાનો હતો. આ કાર્યક્રમમાં તમામ નર્સો તરફથી હકારાત્મક પ્રતિસાદ મળેલ હતો. આ સંપુર્ણ કાર્યક્રમનું આયોજન હોસ્પિટલની ટીમ એચ.આર. દ્વારા કરવામાં આવેલ હતું.

બધું સમુસૂતરૂં પાર પડ્યાનો તંત્ર હાશકારો અનુભવી રહ્યું હતું ત્યાં આવી નવી વાત !

# રાજ્યમાં લેવાયેલ તલાટીની પરીક્ષામાં ગેરરીતિ કે ગંભીર છબરડો સામે આવ્યા

ગાંધીનગર,તા.૧૬

રાજ્યભરમાં તા.૭ મેના રોજતલાટીની પરીક્ષા શાંતિપૂર્ણ રીતે સંપન્ન થતાં તંત્રએ રાહત અનુભવી હતી. જો કે, હવે પરીક્ષા બાદ તેમાં ગેરરીતિ થઈ હોવાનીવિગતો બહાર આવી છે. જેમાં વડોદરાની વિશ્વવિખ્યાત મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીમાં ફાળવવામાં આવેલ કેન્દ્રમાં આ પરીક્ષા દરમ્યાન ગેરરીતિ થઈ હોવાની બાબત સામે આવી છે. જેને લઈ હાલ તપાસ કરવામાં આવી રહી છે. જો કે, આ સામે મંડળના અધ્યક્ષનો ખુલાસો પણ સામે આવ્યો છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, વડોદરાની M.S યુનિવર્સિટી અવારનવાર વિવાદમાં આવતી રહી છે. ત્યારે વધુ એક વખત વિવાદમાં આવી છે. જેમાં વડોદરાની M.S યુનિવર્સિટીમાં તાજેતરમાં યોજાયેલ તલાટીની પરીક્ષામાં ૧૨૩ ઉમેદવારના થમ્બ ઈમ્પ્રેશન ન લીધા હોવાનો ખુલાસો થતાં હડકંપ મચી ગયો છે. પોલિટેકનિક યુનિટના ૮માં બ્લોકમાં આ પ્રકારની ગંભીર બેદરકારી થઈ હોવાનું સામે આવ્યું છે. પોલિટેકનિક યુનિટના ૮માં બ્લોકમાં યોજાયેલ તલાટીની પરીક્ષામાં ૧૨૩ ઉમેદવારના થમ્બ ઈમ્પ્રેશન ન લીધા હોવાનો ખુલાસો થતાં અનેક સવાલો ઊભા થયા છે. ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડના અધ્યક્ષ હસમુખ પટેલે આ મામલે નિવેદન આપતાં કહ્યું છે કે,આ ઘટના વડોદરાની MS યુનિવર્સિટીના પોલીટેકનિક સેન્ટરમાં બની છે. ત્યાંના બોર્ડ પ્રતિનિધીને અંગૂઠા ન લેવાની જાણ હતી. જેથી ૧૫ વર્ગખંડમાં OMR શીટમાં અંગૂઠાની છાપ લેવાઈ ના હતી. પરીક્ષા પૂર્ણ થયા બાદ ધ્યાનમાં આવતા ૭ વર્ગખંડમા અંગૂઠાની છાપ લેવાઈ હતી. જોકે ૮ વર્ગખંડના ઉમેદવારોના અંગૂઠાની છાપ લેવાઈ નથી. વડોદરાની પરિક્ષા સમિતિને આ ભૂલ બદલ પગલા લેવાની પણ જાણ કરી છે. અને ૮ વર્ગોના અંગૂઠા નથી લેવાયા તે ઉમેદવારોના પ્રવેશના સીસીટીવી તેમની હાજરી અને કોલલેટર સહિત ક્લાસરૂમનાં સીસીટીવીના આધારે ચેકીંગ કરાશે કે કોઈપણ ડમી ઉમેદવાર છે કે કેમ. તેમણે કહ્યું કે, ડમી ઉમેદવાર અંગે માહિતી મળશે કે, આક્ષેપ થશે તો ચકાસણી માટેના પૂરતા પુરાવા છે. ઉમેદવારની સહી અને તેમના લખાણના પુરાવા અમારી પાસે છે. આ સાથે હસમુખ પટેલે કહ્યું કે, બોર્ડપ્રતિનિધિ દ્વારા અંગૂઠાની છાપ લેવામાં નથી આવ્યા. તેની જાણ પરીક્ષાના બીજા દિવસે આ બનાવ અંગેની જાણ થઈ હોઈ બનાવની સંપૂર્ણ તપાસ માટેના આદેશ આપવામાં આવ્યા છે. આ સાથે બોર્ડ પ્રતિનિધિ સામે કાર્યવાહી કરવામાં આવશે. તેમણે ઉમેર્યું કે, વડોદરાની ઘટનામાં ગેરરીતિ નહિ પરંતુ બેદરકારી હોય તેવું લાગે છે. આ મુદ્દે પરીક્ષા કેન્દ્રમાં લાગેલા સીસીટીવી કેમેરાથી ક્રોસ વેરિફિકેશન કરવાના પણ આદેશ આપવામાં આવ્યા છે.

# ગુજરાતના મુખ્યમંત્રી બદલવાની વાત તદ્દન ખોટી અને પાયાવિહોણી! આ પ્રકારની અફવા ફેલાવનારા સામે કાર્યવાહી પણ થઈ શકે છે


## ભૂપેન્દ્ર પટેલ મુખ્યમંત્રી પદ છોડી રહ્યા છે તથા નવા મુખ્યમંત્રી કોણ બનશે તેવા મેસેજ થયા વાયરલ !



ગાંધીનગર,તા.૧૬

રાજયમાં તાજેતરમાં સોશિયલ મીડિયા ઉપર ભૂપેન્દ્ર પટેલ મુખ્યમંત્રી પદ છોડી રહ્યાની વાતો વાયરલ થતા ભારે ચર્ચા સાથે અટકળો શરૂ થઈ જવા પામી હતી. તે અંગેનો ખુલાસો સામે આવ્યો છે. ગુજરાતમાં નેતૃત્વ પરિવર્તનના દૂર દૂર સુધી કોઈ એંધાણ નથી. નેતૃત્વ પરિવર્તનની વાતો પાયા વિહોણી છે. મુખ્યમંત્રી તરીકે ભૂપેન્દ્ર પટેલ જ યથાવત રહેશે તેવી સત્તાવાર સૂત્રો દ્વારા સ્પષ્ટતા કરવામાં આવી છે. આ પ્રકારની અફવા ફેલાવનારા સામે પણ કાર્યવાહી થઈ શકે છે. ગુજરાતમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના રાજીનામા અંગેની ચર્ચા માત્ર અફવા છે. નેતૃત્વ પરિવર્તનની વાત પાયાવિહોણી છે. સત્તાવાર સૂત્રો દ્વારા આ સ્પષ્ટતા કરવામાં આવી છે. પુત્રની તબિયતના કારણે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ રાજીનામું આપશે તે વાત તદ્દન પાયા વિહોણી છે. તેમણે સીએમ પદેથી રાજીનામું આપવાની ઈચ્છા દર્શાવ્યાના અહેવાલ પણ સદંતર પાયા વિહોણા છે. સોશિયલ મીડિયામાં વાયરલ થયેલી આ પ્રકારની પોસ્ટ બાદ સત્તાવાર સૂત્રોએ સ્પષ્ટતા કરી છે. સોશિયલ મીડિયામાં શરૂ થયેલી અફવામાં મનસુખ માંડવિયા અને ભીખુભાઈ દલસાણિયાના નામ નવા મુખ્યમંત્રી તરીકે ચાલી રહ્યા છે તેવી વાતનો ઉલ્લેખ પણ વોટસએપ દ્વારા વાયુવેગે પોસ્ટ સોશિયલ મીડિયા ઉપર વાયરલ થયા બાદ સત્તાવાર સૂત્રો દ્વારા સ્પષ્ટતા કરવામાં આવી છે. જેમાં અફવા ફેલાવનારા સામે કાર્યવાહી પણ થઈ શકે. તેવી શકયતા જોવાઈ રહી છે. અત્રે ઉલ્લેખનીય છે કે અગાઉ મીડિયામાં આ પ્રકારના સમાચાર પ્રસિદ્ધ થતા તેની સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી.

# ૪૪ ડિગ્રીને પાર પહોંચેલી ગરમીને કારણે સેંકડો પક્ષીઓ હીટસ્ટ્રોકનો ભોગ બન્યા



અમદાવાદ, તા.૧૬

રાજ્યભરમાં આકાશમાંથી અગનવર્ષા થઈ રહી છે. ધોમધખતા તાપમાં બહાર ફરતા લોકોને ડિહાઈડ્રેશનનું જોખમ રહેતું હોયછે. પરંતુ જાનવરોઅને ખાસ કરીને પક્ષીઓમાં પણ કારમી ગરમીની અસર વર્તાઈ રહી છે. ગરમીને કારણે પક્ષીઓમાં પણ હીટસ્ટ્રોકના કિસ્સાઓ વધ્યા છે. ગરમીને કારણેઅમદાવાદમાં મેમહિનાના ૧૦ દિવસમાં ૮૦૦ જેટલા કિસ્સાઓ સામે આવ્યા છે. અમદાવાદ સહિત રાજ્યભરમાં ગરમીનો પ્રકોપછે અને ગરમીનો પારો ૪૪ ડિગ્રીને પાર પહોચી ચુક્યો છે ત્યારે પક્ષીઓપણ મોટી સંખ્યામા ડીહાઈડ્રેશન અને હીટસ્ટ્રોકનોશિકાર બની રહ્યા છે. પાંજરાપોળ ખાતે જીવદયાની એક સંસ્થામાં છેલ્લા ૧૦ દિવસથી હીટસ્ટ્રોક અને ડિહાઈડ્રેશનમાં પટકાયેલા પોપટ અને સમડી સહિતના પંખીઓ સારવાર માટે આવી રહ્યા છે. અમદાવાદ શહેરમાં દૈનિક ૭૦ જેટલા અનેછેલ્લા ૧૨ દિવસમાં ૮૦૦ જેટલા કિસ્સાઓ સામે આવ્યા છે. એપ્રીલ માસમાં ૨૧૦૦ જેટલા કેસો સામે આવ્યા હતા. જે પણ પક્ષી અહી આવી રહ્યા છે તેમને નોર્મલ સલાઇન અને ઓઆરએસ આપવામા આવે છે. ઉનાળામાં પાણીની શોધમાં ખાસ કરીને નાના બચ્ચાઓને સૌથી વધુ નુકસાન થતુ હોવાનુ સામે આવતુ હોય છે. મોટાપક્ષીઓતો ઉડીને પાણીની શોધમાં દુર સુધી જતા હોય છે, પરંતુ તેમના બચ્ચાઓ ઉડી શકતા ન હોવાને કારણે ડીહાઈડ્રેશન અને હીટસ્ટ્રોકનો શિકાર બને છે. સમડીના બચ્ચા, કાગડો, કબુતર, પોપટના બચ્ચાઓ ઉનાળામા સૌથી વધુ ગરમીનો શિકાર બને છે.

# ભારતે આર્થિક વૃદ્ધિ કરવા માટે વિશ્વનો વિશ્વાસ મેળવવા માટે દેશના ઉદાર લોકતાંત્રિક મૂલ્યોને મજબૂત કરવા જરૂર છે : રઘુરામ રાજન

નવી દિલ્હી તા.૧૬

ભારતીય રિઝર્વ બેંકના પૂર્વ ગવર્નર રઘુરામરાજને જણાવ્યું હતું કે, ભારતના વિકાસનો માર્ગ તેની આંતરિક શક્તિઓનો લાભ ઉઠાવવામાં અને સહિષ્ણુતા અને દરેક માટે આદરની તેની ઐતિહાસિક સંસ્કૃતિના નિર્માણ દ્વારા વૈશ્વિક સપ્લાય ચેઈન માટે નિર્ણાયક બનવામાં રહેલો છે. ભારત સેવા ઉદ્યોગમાં નેતૃત્વની ભૂમિકા ભજવવાની ક્ષમતા ધરાવે છે અને આ પ્રયાસમાં વિશ્વનો વિશ્વાસ મેળવવા માટે દેશના ઉદાર લોકતાંત્રિક મૂલ્યોને મજબૂત કરવા એ આજની આર્થિક જરૂરિયાત છે. ચીન જેવા સસ્તા ઉત્પાદન કરતાં પાડોશી સાથે સ્પર્ધા કરવાના સંદર્ભમાં, આ અગ્રણી અર્થશાસ્ત્રીએ જણાવ્યું હતું કે વિશ્વના વિશ્વસનીય સપ્લાયર તરીકે વધુ સીધા ઉત્પાદન અથવા સેવાઓના સેવા ઘટક ઉપર ધ્યાન કેન્દ્રિત કરવાથી ભારતને ફાયદો થશે. 'આઈડિયાઝ ફોર ઈન્ડિયા' કોન્ફરન્સમાં તેમના મુખ્ય ભાષણમાં જણાવ્યું હતું કે, જો આપણે આ ઉત્પાદન સેવા વૃદ્ધિના માર્ગે નીચે જવું હોય તો આપણું સ્વતંત્ર ન્યાયતંત્ર, આપણું ઉદાર લોકશાહી મહત્ત્વના લાભ આપી શકે છે કારણ કે તે આ આપણને વિશ્વનો વિશ્વાસ મેળવવા સક્ષમ બનાવશે; તે આંતરિક રીતે પણ જરૂરી છે. અમે ભારતીયો તરીકે લોકશાહી ઈચ્છીએ છીએ પરંતુ અમે એવી લોકશાહી પણ ઈચ્છીએ છીએ કે વિશ્વને એવો વિશ્વાસ અપાવી શકાય કે અમે આ પ્રકારની સેવાઓના અસરકારક પ્રદાતા બની શકીએ છીએ, અમે અમારી સંસ્થાઓને મજબૂત કરવા, અમારી લોકશાહીને મજબૂત કરવા માટે અમારૂ હોમવર્ક કરવાની જરૂર છે. તેમણે ધ્યાન દોર્યું કે વિશ્વ સરમુખત્યારવાદી પાડોશી અથવા સરમુખત્યારશાહી દેશ દ્વારા વેચવામાં આવતા આવા જટિલ માળખાઉપર વિશ્વાસ કરશે નહીં કારણ કે તેની અંગે ચિંતાઓ ઊભી થશે નાહીં. જયારે તમે કન્સલ્ટિંગ સેવાઓ પ્રદાન કરો છો, ત્યારે તમારે સમજાવવાની જરૂર છે કે તમે ફર્મમાં બેકડોર એન્ટ્રીઓ મેળવવા, તેઓ શું કરી રહ્યાં છે તે શોધવા માટે, અને પછી તેનો લાભ મેળવવા અથવા તેમને બ્લેકમેલ કરવા માટે તેનો ઉપયોગ કરતાં નથી. તેના માટે તમારે તેમને સમજાવવું પડશે કે તમે કાયદાના શાસનથી બંધાયેલા છો તેના માટે અમારે અમારી લોકશાહી, અમારા ડેટા સંરક્ષણ કાયદાને મજબૂત કરવાની જરૂર છે. તે અમારા આર્થિક હિતમાં છે અનેચાઈનીઝ અનેવિયેતનામીસ અને રશિયન કંપનીઓની તુલનામાં તેનો સ્પર્ધાત્મક લાભ મળી શકે છે. તેમણે ભાર મૂક્યો હતો કે જો અમે વર્ષે ઉચ્ચ ગુણવત્તાવાળા ૧૦,૦૦૦ એન્જિનિયરો ઉત્પન્ન કરીએ, તો અમે ચિપ ડિઝાઈનમાં વૈશ્વિક શકીએ છીએ. તો તેવું શા માટે ન કરીએ, આપણે વધુ ચતુરાઈથી ખર્ચ કરવાની જરૂર છે. ભારત અને યુકે વચ્ચે ચાલી રહેલા ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ (એફટીએ) વાટાઘાટોમાંથી આ વૃદ્ધિના માર્ગ ઉપર પૂરતા પ્રમાણમાં હકારાત્મકતા જોવા મળે છે કે કેમ તે અંગે પૂછવામાં આવતા, રાજને માત્ર કૃષિ અને ઉત્પાદન ઉપરાંત સેવા ક્ષેત્રના વિનિમય ઉપર મહત્વ આપવાની વાત કરી હતી.

# ગુજરાતમાં એશિયાનો સૌથી વિશાળ બાયોડાયવર્સિટી પાર્ક બની રહ્યો છે !

ગાંધીનગર, તા.૧૬

ગુજરાતમાં ઘણા એવા બાયોડાયવર્સિટી પાર્ક છે જ્યાં લોકો પીકનીક માનવનું પસંદ કરતા હોય છે. જૂનાગઢમાં પણ પ્રાણીસંગ્રહાલય છે. આ ઉપરાંત હવે સુરતમાં પણ બાયોડાયવર્સિટી પાર્ક બનવા જઈ રહ્યો છે. આ બાયોડાયવર્સિટી પાર્કમાં ૧૩ કિલોમીટરનો સાયકલ ટ્રેક બનાવવામાં આવશે. આસાથે૯ કિલોમીટરનો વોકિંગ ટ્રેકપણ બનાવવામાં આવશે. આ બાયોડાયવર્સિટી પાર્કમાં છલાખ રોપાઓ વાવવામાં આવશે. ગુજરાતના સુરતમાં એશિયાનો સૌથી મોટો બાયોડાયવર્સિટી પાર્ક બનાવવામાં આવી રહ્યો છે. આ બાયોડાયવર્સિટી પાર્ક અલથાણમાં કાંકરા નદીના કિનારે ૮૭ હેક્ટર જમીનમાં બનાવવામાં આવી રહ્યો છે. આ બાયોડાયવર્સિટી પાર્ક જે જમીન પર બની રહ્યો છે તે જમીન એક સમયે બંજર હતી. પરંતુ હવે આ વિશાળ બાયોડાયવર્સિટી પાર્ક અહીં બનાવવામાં આવી રહ્યો છે. આ બાયોડાયવર્સિટી પાર્કમાં ૧૩ કિમીનો સાયકલ ટ્રેકબનાવવામાં આવશે. આ સાથે ૯ કિલોમીટરનો વોકિંગ ટ્રેક પણ બનાવાશે. આ પાર્કમાં વિવિધ પ્રજાતિના છ લાખ છોડ રોપવામાં આવશે. બટરફ્લાયનો વસવાટ, પક્ષીઓનો વસવાટ વિસ્તાર, ઔષધીય છોડ, ઘાસના મેદાનો, સાંસ્કૃતિક વન નર્સરી, અર્થઘટન કેન્દ્ર, છઠ પૂજા સ્ટેપ કૂવો, ગ્રીન વોલ પાર્ક અને તળાવ આ બાયોડાયવર્સિટી પાર્કનું સૌથી મોટું આકર્ષણ હશે. આ જૈવવિવિધતા પાર્ક કાંકરા ખાડીની બંનેબાજુએ ૩.૫ કિલોમીટર લાંબા વિસ્તારમાં તૈયાર કરવામાં આવી રહ્યો છે. બાયોડાયવર્સિટી પાર્કને જૈવ વિવિધતા પાર્ક કહેવામાં આવે છે. અહીં વિવિધ જૈવિક પ્રજાતિઓ જોવા મળે છે. આ વિવિધ જૈવિક પ્રજાતિઓ જૈવવિવિધતા ઉદ્યાનમાં સચવાયેલી છે. આ તમામ જૈવિક પ્રજાતિઓને ખાસ વાતાવરણમાં રાખવામાં આવે છે. જે અભ્યાસ અને સંશોધન માટે યોગ્ય છે. અભ્યાસ અનેસંશોધન ઉપરાંત બાયોડાયવર્સિટી પાર્ક પ્રવાસન માટે સુરક્ષિત છે. ખૂબ જ વિશાળ વિસ્તારમાં પથરાયેલો હોવાને કારણે આ પાર્ક પ્રવાસનની દૃષ્ટિએ પણ ઉપયોગી છે. પ્રવાસીઓ બાયોડાયવર્સિટી પાર્કની પણ મુલાકાત લઈ શકે છે. ઘણી વાર પ્રવાસીઓની મોટી ભીડ આવા ઉદ્યાનોની મુલાકાત લે છે

# રાજ્યમાં આ વખતે ૧૫ જૂન સુધી ટેકાના ભાવે મિલેટ ખરીદાશે

ગાંધીનગર,તા.૧૬

આંતરાષ્ટ્રીય મિલેટ વર્ષની ઉજવણી અંતર્ગત, ૧૫મે થી ૧૫ જૂન સુધી ટેકાના ભાવે મિલેટની ખરીદી કરવાનો સરકારે નિર્ણય લીધો છે. આ અંગે ૧૫ મેથી ૩૧ મે સુધી ખેડૂતો નોંધણી કરાવી શકશેતેવી પણ જાહેરાત કરાઈ છે. ગુજરાતના ધરતી પુત્રો માટે મહત્વના સમાચાર સામે આવ્યા છે.આંતરાષ્ટ્રીય મિલેટ વર્ષેનિમિતે રાજ્ય સરકારે ખેડૂત હિતમાં નિર્ણય લીધો છે કે, ૧૫મેથી ૧૫ જૂન સુધી ટેકાના ભાવે ખરીદી કરાશે.જેમાં બાજરી, જુવાર અને રાગીની ખરીદી કરાશે. કેન્દ્ર સરકારે નક્કી કરેલ ટેકાના ભાવ પ્રમાણે બાજરી ૨૬૫૦ તેમજ



જુવાર ૩૨૯૦ અને રાગી ૩૮૭૮ના ભાવે પ્રતિ ક્વિન્ટલે ખરીદી કરાશે. અત્રે ઉલ્લેખનીય છે કે, ટેકાના ભાવે ખરીદી માટેની નોધણીની મુદતમાં પણ વધારો કરાયો છે. ૧૫ મેથી ૩૧ મે સુધી ખેડૂતો નોધણી કરાવી શકશે. ખેડૂત ખાતેદારો ગ્રામ્યવિસ્તારના ઈ ધારા કેન્દ્રમાં નોધણી કરાવી શકશે. તેમજ નાગરિક પુરવઠા નિગમના ગોડાઉનમાં ખરીદી કરવામાં આવશે તેવો પણ નિર્ણય લેવાયો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભારત સહિત સમગ્ર વિશ્વ વર્ષ ૨૦૨૩ને 'આંતરરાષ્ટ્રીય મીલેટ વર્ષ' તરીકે ઉજવી રહ્યું છે. ત્યારે તેના ઉપલક્ષમાં ગુજરાતમાં પ્રથમ વખત ઘઉંની સાથે સાથે ઉનાળુ બાજરી, જુવાર અને રાગીની ટેકાના ભાવે ખરીદી કરવામાં આવી રહી છે. જેથી રાજ્યના ખેડૂતોને આ વર્ષે પ્રથમ વખત લાભ મળીશકશે.

# કર્ણાટકમાં ભાજપના ધબડકા પાછળના મુખ્ય કારણો

નવી દિલ્હી તા.૧૬

કર્ણાટક વિધાનસભા ચૂંટણીના પરિણામો સ્પષ્ટ થઈ ગયા છે. ૩૬ મતગણતરી કેન્દ્રો પર ૨૨૪ વિધાનસભાના મતોની ગણતરી પુર્ણ થઈ ગઈ છે. કોંગ્રેસ સત્તારૂઢ ભાજપાને હરાવી સંપૂર્ણ બહુમતી સાથે સત્તામાં આવી ગઈ છે. ત્યારે રાજકીય નેતાઓ ભાજપની શરમજનક હાર પાછળ નરેન્દ્રમોદીને જવાબદાર ગણાવે છે. રાજકીય વિશ્લેષકો ટ્રેન્ડમાં કોંગ્રેસની પૂર્ણ બહુમતી સાથે જીત અને હારના કારણોને લઈને પણ ચર્ચા કરી રહ્યા છે. કર્ણાટકમાં ભાજપની શરમજનક હાર પાછળ મજબૂત ચહેરાનો અભાવ અને રાજકીય સમીકરણોને મેનેજ કરવામાં નિષ્ફળતા મુખ્ય કારણો છે.

કર્ણાટકમાં ભાજપની હારનું સૌથી મોટું કારણ મજબૂત ચહેરાની ગેરહાજરી છે. ભાજપે યેદિયુરપ્પાની જગ્યાએ બસવરાજ બોમ્માઈને મુખ્યમંત્રી બનાવ્યા પરંતુ તેઓ સીએમ તરીકે કોઈ પ્રભાવ છોડી શક્યા નહીં. કોંગ્રેસ પાસે ડીકે શિવકુમાર અને સિદ્ધારમૈયા જેવા મજબૂત ચહેરા હતા. યેદિયુરપ્પાને સાઈડલાઈન કરીને બોમ્માઈને આગળ કરવાની ભાજપે મોટી કિંમત ચૂકવવી પડી છે.

કર્ણાટકમાં ભાજપની હાર પાછળનું મુખ્ય કારણ ભ્રષ્ટાચારનો મુદ્દો રહ્યો. કોંગ્રેસે શરૂઆતથી જ ભાજપ સામે '૪૦ ટકા પગાર-મુખ્યમંત્રી ભ્રષ્ટાચાર'નો એજન્ડા સેટ કર્યો. જે પાછળથી ચૂંટણી પ્રચારનો મુદ્દો બની ગયો. ભ્રષ્ટાચાર અંગે એસ. ઈશ્વરપ્પાને મંત્રી પદેથી રાજીનામું આપવા ઉપરાંત જેલમાં જવું પડ્યું હતું. સીઆઈડી તપાસમાં ક્લિન ચીટ આપવામાં આવી હતી. પરંતુ પછીથી સ્ટેટ કોન્ટ્રાકટર એસોસિએશને પીએમને ફરિયાદ પણ કરી હતી. ભાજપા ધારાસભ્ય એમ. વિરુપક્ષપ્પાની ધરપકડ બપાદ આ મામલાએ જોર પકડ્યું હતું. જ્યારે તેમના દીકરાને લાંચ લેતા ધરપકડ કરવામાં આવી હતી. ચૂંટણીમાં પણ આ મુદ્દો ભાજપ માટે ગળાનો ફાંસો બન્યો. ભાજપને એનું નિરાકરણ ના મળ્યું. ભાજપ કર્ણાટકનું રાજકીય સમીકરણ સાધવામાં કાચા પડ્યા છે. ભાજપ પોતાની કોર વોટ બેંક લિંગાયત સમુદાયને પોતાની સાથે રાખી શકી નથી, તો દલિત, આદિવાસી, ઓબીસી અને વોક્કાલિંગા સમુદાયોના દિલ જીતી શકવામાં કાચા પડ્યા છે. બીજી તરફ કોંગ્રેસે મુસ્લિમો, દલિતો અને ઓબીસીને મજબૂત રીતે જોડવાની સાથે લિંગાયત સમુદાયની વોટ બેંકને પોતાના તરફ કરવામાં સફળ રહી છે. કર્ણાટકમાં ભાજપના નેતાઓ છેલ્લા એક વર્ષથી હલાલા, હિજાબથી લઈને અજાન જેવા મુદ્દાઓ ઉઠવતા રહ્યા. છેલ્લે છેલ્લે બજરંગ બલી પણ ચૂંટણીમાં ગાજ્યા. પરંતુ હિન્દુત્વનો મુદ્દો- ધાર્મિક ધ્રૂવીકરણનો પ્રયાસ ભાજપને કામ આવ્યો નથી. જ્યારે કોંગ્રેસે બજરંગ દળ ઉપર પ્રતિબંધ મૂકવાનો વાયદો કર્યો ત્યારે ભાજપે બજરંગ દળને બજરંગ બલી સાથે સીધી રીતે જોડી સમગ્ર મામલાને ભગવાનનું અપમાન ગણાવ્યો. ભાજપે જોરદાર રીતે હિંદુત્વનું કાર્ડ રમ્યું, પરંતુ આ દાવ પણ કામમાં આવ્યો નહીં. ચૂંટણી પહેલા ભાજપા અને પરિણામો આવતાં કોંગ્રેસ બજરંગબલીની પૂજા કરી રહ્યા છે. ભાજપ સરકારે ચૂંટણી પહેલા ૪ ટકા મુસ્લિમ આરક્ષણને ધ્રૂવીકરણની આડમાં ખતમ કર્યો હતો. પરંતુ આ દાવ ઉલટો પડ્યો. એના કારણે મુસ્લિમ લોકો આ નિર્ણય સામે એકજૂટ થઈ કોંગ્રેસ સાથે ગયા પરંતુ ભાજપાને હિન્દુ સમુદાયોનું એટલું સમર્થન મળ્યું નહીં, જેની તેઓને આશા હતી.

કર્ણાટકમાં ભાજપની હારનું મુખ્ય કારણ સત્તા વિરોધી લહેરને ડામવામાં અસમર્થતા પણ છે. ભાજપ સત્તામાં હોવાથી તેની સામે લોકોમાં રોષ જોવા મળ્યો હતો. ભાજપ સામે સત્તા વિરોધી લહેર પ્રવર્તી રહી હતી, તેનો સામનો કરવામાં ભાજપ સંપૂર્ણપણે નિષ્ફળ રહી હતી. કર્ણાટકમાં બીજેપીનો પાયો નાંખવામાં મહત્ત્વની ભૂમિકા ભજવનાર પાયાના નેતા પૂર્વ મુખ્યમંત્રી બીએસ યેદિયુરપ્પા આ ચૂંટણીમાં સાઈડલાઈન રહ્યા હતા. પૂર્વ મુખ્યમંત્રી જગદીશ શેટ્ટર અને પૂર્વ ડેપ્યુટી સીએમ લક્ષ્મણ સાવડીની ભાજપે ટિકિટ કાપી નાંખી તો કોંગ્રેસમાં જોડાઈને ચૂંટણી મેદાનમાં સામે પડ્યા. યેદિયુરપ્પા, શેટ્ટર, સાવડી ત્રણેયને લિંગાયત સમુદાયના મોટા નેતાઓ માનવામાં આવે છે. આવા પીઢ નેતાઓને સાઈડલાઈન કરવાનું ભાજપને મોંઘું પડ્યું છે. કર્ણાટકમાં લિંગાયત સમુદાયના ૧૭ ટકા વસતી રહી છે. વિપક્ષી દળો કોંગ્રેસ અને જેડીએસે પેટ્રોલ ડિઝલ, ગેસ સહિત મોંઘવારીને મુદ્દો બનાવ્યો હતો. એના દ્વારા કોંગ્રેસ પોતાના તરફી માહોલ બનાવવામાં સફળ રહી. મિડલ ક્લાસ અને ગરીબ લોકોમાં ભાજપ વિરોધી માહોલ બન્યો, જેનો મોટો હિસ્સો તેમને વોટ આપતો હતો. એક બાજુ જીવન જરૂરી ચીજવસ્તુઓ મોંઘી થવી અને બીજી તરફ કોંગ્રેસ તરફી મફત ગેસ સિલિન્ડર આપવા જેવી જાહેરાતે ચૂંટણીમાં મોટું કામ કર્યું. કર્ણાટકમાં સરકાર બદલવાનો રિવાજ રહ્યો છે જેને ભાજપ બદલી ના શક્યું. ૧૯૮૫થી દર વખતે સત્તા પરિવર્તન થતું રહ્યું છે. ભાજપાને ૨૦૧૯માં ત્યારે સરકાર મળી જ્યારે એચડી કુમારસ્વામીના નેતૃત્વવાળી સરકારના કેટલાક ધારાસભ્યો તેમની સાથે આવી ગયા હતા. પરંતુ ભાજપા બહુ સારૂ પ્રદર્શન ના કરી શકી. યેદીયુરપ્પાના સત્તામાંથી હટી ગયાર પછી પાર્ટીમાં કોઈ મોટો ચહેરો




તૈયાર ના કરી શકી અને પીએમ મોદી ઉપર જ નિર્ભરતા રહી. જેને લીધે ભાજપને હારનો સામનો કરવો પડ્યો

**કર્ણાટકમાં કોંગ્રેસની જંગી જીત પાછળના ચૂંટણી રણનીતિકાર**

**સુનીલ કાનુગોલુ કોણ છે ?**

કોંગ્રેસ પાર્ટીએ દક્ષિણના રાજ્ય કર્ણાટકમાં તેના નજીકના હરીફ ભાજપ અને જેડી-એસને હરાવીને જંગી માર્જિનથી વિજય મેળવ્યા પછી, એક પ્રશ્ન એ ઊભો થાય છે કે આ ભવ્ય જીત પાછળ કોનો હાથ છે ? શું તે કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીની ભારત જોડો યાત્રા કે સ્થાનિક નેતાઓને કારણે છે ? અથવા આ જંગી જીત વધતા જતાં ભ્રષ્ટાચાર અથવા કોંગ્રેસના ૪૦ ટકા કમિશનના આરોપ"નું પરિણામ છે. જો કે, આ બધા કારણોએ ચોક્કસપણે તેમની ભૂમિકા ભજવી હશે પરંતુ એક વધુ પરિબળ છે, અને તે બીજું કઈ નહીં પણ કોંગ્રેસ પાર્ટીના મુખ્ય ચૂંટણી વ્યૂહરચનાકાર સુનિલ કાનુગોલુ છે, જેમને આશાસ્પદ ઉમેદવારોનું ભાવિ નક્કી કરવાનું મહત્ત્વપૂર્ણ કાર્ય સોંપવામાં આવ્યું હતું. તેમના પ્રભાવ અને વ્યૂહાત્મક પરાક્રમે તેમને આજે કોંગ્રેસ પાર્ટીમાં સૌથી પ્રભાવશાળી વ્યક્તિઓ પૈકી એક બનાવ્યા છે. તેમની સરળ શૈલી અને મીડિયાના ધ્યાન પ્રત્યે અવગણના માટે જાણીતા, કાનુગોલુ AICCના મહાસચિવ રાહુલ ગાંધીના વિશ્વાસુ સલાહકાર છે, અને ખાસ કરીને ચૂંટણી સંબંધિત બાબતોમાં તેઓ સલાહ આપે છે. નિર્ણાયક કર્ણાટક રાજ્યની ચૂંટણીમાં કોંગ્રેસ પાર્ટીની જીત પછી પણ તેમનો નમ્ર સ્વભાવ અને અહંકારનો અભાવ સ્પષ્ટ દેખાય છે. કાનુગોલુએ નમ્રતાપૂર્વક આભાર સાથે અભિનંદન સંદેશાઓ સ્વીકાર્યા છે.

**કાનુગોલુનો ભાજપ છોડવાનો નિર્ણય**

ભારતીય જનતા પાર્ટી (BJP) સાથેના કાર્યકાળ પછી ગયા વર્ષે કોંગ્રેસ પાર્ટીમાં જોડાવાનો કાનુગોલુનો નિર્ણય ભગવા પાર્ટીના નેતૃત્વમાં ઘણા લોકો માટે એક આંચકો હતો. તેમણે કોંગ્રેસમાં વ્યૂહરચના વિભાગના વડાની ભૂમિકા નિભાવીઅને મુખ્યત્વે તેમના ગૃહ રાજય કર્ણાટક ઉપર ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. તેમનો ઉદ્દેશ સ્પષ્ટ હતો: તેમના વિરોધીઓને ચૂપ કરવા અને પક્ષમાં વધુ મહત્ત્વપૂર્ણ ભૂમિકા કરવી. જ્યારે કાનુગોલુ કોંગ્રેસમાં જોડાયા, ત્યારે રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધીના સમર્થન સાથે, તેમણે ટૂંક સમયમાં વર્તમાન ભાજપ સરકારને હટાવવા માટે ચૂંટણી નિષ્ણાતોની એક ટીમ બનાવી હતી. તેમની વ્યૂહાત્મક કુશળતા અને સિદ્ધારમૈયા અને ડીકે શિવકુમારની આગેવાની હેઠળની કર્ણાટક કોંગ્રેસની અંદર હરીફ જૂથોને એકસાથે લાવવાની ક્ષમતાને કારણે પાર્ટી માટે એકીકૃત વિઝન બન્યું હતું. કાનુગોલુની અથાક કાર્ય નીતિ સ્પષ્ટ હતી કારણ કે તેમણે દાવો કર્યો હતો કે તેઓ ભાજપને નિષ્ફળ કરવાના તેમના પ્રયાસોમાં દિવસમાં ૨૦ કલાક કામ કરે છે. કાનુગોલુના અભિગમ અને અતૂટ પ્રામાણિકતાએ તેમને તેમના નિર્ણયોમાં ન્યાયી અને સિદ્ધાંતવાદી હોવાની પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી છે.

કર્ણાટકના બેલ્લારીના વતની છે. કાનુગોલુએ યુનાઈટેડ સ્ટેટ્સમાં ઉચ્ચ અભ્યાસ કર્યો હતો. ભારત પરત ફર્યા બાદ, તેઓ ગુજરાતમાં રાજકીય વ્યૂહરચનાઓમાં સામેલ થયા અને એસોસિયેશન ઓફ બિલિયન માઈન્ડ્સ (ABM)નું નેતૃત્વ કર્યું હતું. તેમણે ૨૦૧૪ની લોકસભા ચૂંટણી દરમિયાન વડા પ્રધાન નરેન્દ્ર મોદી માટે વ્યૂહરચનાકાર તરીકે મહત્ત્વની ભૂમિકા ભજવી હતી અને ૨૦૧૭ માં ઉત્તર પ્રદેશ વિધાનસભાની ચૂંટણીમાં અત્યંત સફળ ઝુંબેશ કરી હતી. કાનુગોલુ એમકે સ્ટાલિન સાથે પણ સંકળાયેલા હતા અને ૨૦૧૯ની લોકસભા ચૂંટણી દરમ્યાન પ્રચાર કર્યો, જેના પરિણામે મોટી જીત થઈ હતી.

કર્ણાટકમાં શાનદાર જીત સાથે, કોંગ્રેસ પાર્ટીમાં કાનુગોલુનું કદ વધ્યું છે, અને તે આ વર્ષના અંતમાં યોજાનારી તેલંગાણા, છત્તીસગઢ, મધ્યપ્રદેશ અને રાજસ્થાનમાં આગામી વિધાનસભાની ચૂંટણીઓમાં વધુ અગ્રણી ભૂમિકા ભજવે તેવી અપેક્ષા છે. જો તેઓ આ ચૂંટણીઓમાં સફળ થાય છે, તો તેઓ ભાજપની મોદી-કેન્દ્રિત અભિગમનો સામનો કરવા માટે તેમની શક્તિશાળી વ્યૂહરચનાઓ સાથે સંસદીય ચૂંટણીઓમાં ભાજપને લડત આપી શકે છે.

# જૂનાગઢમાં અષાઢી બીજના પર્વે ભગવાન જગન્નાથજીની શોભાયાત્રાનું આયોજન



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ, તા.૧૬

જૂનાગઢમાં શ્રી જગન્નાથજી મંદિર ખાતે દર સાલ મુજબ આ વર્ષપણ ભગવાન જગન્નાથજીની ભવ્ય શોભા યાત્રા અસાઢી બીજનાં દિને નીકળશે. તેનાં અનુંસંધાને જગન્નાથ મંદિરમાં મિટિંગ શ્રી જગન્નાથજી રથ યાત્રા મહોત્સવ સમિતિનાં પ્રમુખ મોટા પીરબાવા શ્રી તનસુખગિરીબાપુ નાં અધ્યક્ષસ્થાને યોજાઈ હતી જેમાં આ રથ યાત્રાને ધ્યાનમાં લઈ બિપિનભાઈ ભટ્ટી, રાજુભાઈ ચુડાસમા, દીપેન્દ્ર યાદવ, વીરેન શાહ સહીતનાંએ માહિતી આપી હતી. આગામી દિવસોમાં ભગવાનનાં આકર્ષક રથ બનાવવા, બહોળી સંખ્યામાં ભાવિકો હાજરી આપે તેમજ વધુને વધુ કાર્યક્રમને હાઈ લાઈટ કરવા સહીતની બાબતોની ચર્ચા કરવામાં આવેલ હતી. આ તકે રથ યાત્રા મહોત્સવ સમિતિનાં બિપિન ભટ્ટી, રાજુભાઈ ચુડાસમા, વીરેનભાઈ શાહ, દીપેન્દ્રભાઈ યાદવ, નવનીત શાહ, શૈલેષભાઈ પારેખ, અમુભાઈ વાઢેર, વિજય ચુડાસમા, પ્રફુલ ચુડાસમા, પાર્થ ભટ્ટી, ભદ્રેશ પરમાર, વિમલ વાઢેર, રાજ ભટ્ટી, હિરેન ચુડાસમા પ્રકાશ પરમાર સહીતનાં યુવા ગ્રુપ ઉપસ્થિત રહ્યુ હતું. આ મંદિર વિશે જોઈએ તો આ છાયા બજાર સ્થિત આવેલ શ્રી જગન્નાથજી મંદિર લગભગ ૧૨૫ વર્ષ જૂનું પુરાણું છે. અહીં એક સમયે બળદ ગાડામાં રથ યાત્રા કાઢવામાં આવતી હતી. ઓરિસ્સાનાં જગન્નાથ પુરીની જેમ આ મૂર્તિ પણ કલ્પવૃક્ષ નામક ઝાડનાં થડમાંથી બન્યાનું જણાઈ છે. તેમજ ભગવાનનાં હાથ અર્ધ છે. અહીં ભગવાન જગન્નાથ તેમજ બળદેવ, અને શુભદ્રાનું સ્વરૂપ બિરાજમાન માન છે. જગન્નાથ તદ્દન સ્યામ છે. એક સમયે અહીં રથયાત્રા વડીલો દ્વારા કાઢવામાં આવતી હતી. જેનો રૂટ મંદિરથી લઈ દામોદર કુંડ સુધીનો હતો. તેમજ મંદિરમાં તપસ્વી સાધુ ગટારામબાપુ સેવા કરતા હતા. અસાઢી બીજનાં દિને નીકળતી આ યાત્રાનો ટાઈમ બપોરે ૪ વાગ્યાનો હોય છે. આ યાત્રામાં સાધુ, સંતો, રાજકીય મહાનુભાવો તેમજ ભાવિકો જોડાઈ છે. યાત્રા પૂર્વે એક 'પહીદ' વિધિ કરવામાં આવે છે. જેમાં ખાસ ચાંદીની સાવરણી દ્વારા માર્ગની સફાઈ કરવામાં આવે છે. જગન્નાથજીનાં રથને દોરડા વડે હંકારાઈ છે. આ યાત્રા જગન્નાથ મંદિરથી નીકળી સેજનાં ઓટા થઈ જગમાલ ચોક, દીવાન ચોક, માલીવાડા, મહાત્મા ગાંધી રોડ ઉપર થઈ કાળવા ચોક, થઈ મંદિરે પૂર્ણ થઈ જાય છે. આ યાત્રામાં વિવિધ ફલોટ, ભજન મંડળી, તેમજ અંગકસરત યુવાનો દ્વારા કરવામાં આવે છે. માર્ગમાં ફૂલ હારથી ઠેર, ઠેર સ્વાગત કરવામાં આવે છે તેમજ માર્ગમાં પ્રસાદનું વિતરણ પણ ચાલુ હોય છે. આ પ્રસાદમાં ૩૦ કિલો સાકર, ૩૦ કિલો રેવડી, ૩૦ કિલો સિંગદાણા, ૨૦ કિલો મગનો પ્રસાદ આપવામાં આવશે. જયારે ભગવાનના વસ્ત્રો ખાસ કારીગર પંકજભાઈ પરમાર દ્વારા તૈયાર કરવામાં આવે છે. રથ યાત્રા પૂર્ણ થયા બાદ ફરી મંદિરમાં ત્રણેય સ્વરૂપને સ્થાન આપી આરતી, ભોગ ધરવામાં આવે છે. ત્યારબાદ ભાવિકોને પ્રસાદ (ભોજન) આપવામાં આવે છે. જેમાં અંદાજે ૫,૦૦૦થી વધુ ભાવિકો લાભ લે છે. આ રથ યાત્રાનો ધાર્મિક હેતુ છે કે, આ એક માત્ર જગન્નાથ સ્વરૂપ છે. જે રથયાત્રા રૂપે સામેથી અર્શાત રથમાં બિરાજીને એવા ભકતો જે શારીરિક ખોટ, રક્ત પિત્ત, અપંગ હોય તેને સામેથી દર્શન આપે છે.

# ...લમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી અન્વયે ડિજિટલ કાઉન્ટડાઉન કલોકનું અનાવરણ કરાયું

જૂનાગઢ,તા.૧૬

ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા ૯માં આંતરરાષ્ટ્રીય યોગ દિવસનીપૂર્વ તૈયારીના ભાગરૂપે રાજ્યના ૩૩ જિલ્લા તેમજ ૮ મહાનગરપાલિકાઓમાં અલગ અલગ સ્થળો ઉપર પ્રચાર પ્રસાર માટે એકાઉન્ટ ડાઉન ડીજીટલ કલોકનું અનાવરણ કરવામાં આવ્યું હતુ. જેમાં જૂનાગઢ ખાતે જૂનાગઢના મેયર, જિલ્લા ભાજપ તેમજ તાલુકા ભાજપ કેશોદના હોદ્દેદારો, રમત ગમત અધિકારી જૂનાગઢ, તેમજ કૃષિ યુનિવર્સિટીના હોદ્દેદારો હાજર રહ્યા હતા. ગુજરાત રાજ્ય યોગ બોર્ડના જિલ્લા કોડીનેટર તેમજ યોગ કોચની ઉપસ્થિતિમાં કૃષિ યુનિવર્સિટી ગેટ નંબર બે ખાતે તેમજ કેશોદ કેવીએમ સ્કૂલ ખાતે એમ બે ડિજિટલ કાઉન્ટડાઉન કલોકનું અનાવરણ કરવામાં આવ્યું હતું. તેમજ આગામી દિવસોમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીના ભાગરૂપે




વિવિધ સ્થળો પર યોગપ્રોટોકોલ શિબિર તેમજ રેલીનું આયોજન થનાર છે. તારીખ ૮/૬/૨૦૨૩ ના શ્રી કન્યા વિનય મંદિર સ્કૂલ કેશોદમાં સવારે ૬ થી ૭-૩૦ કલાકે યોગ પ્રોટોકોલ શિબિર તેમજ ૮ થી ૯ કલાકે યોગજાગૃતિ રેલીનું આયોજન કરાશે. તા.૧૬/૬/૨૦૨૩ના શ્રી કે.જી. ચૌહાણ સ્કૂલ ખાતે સવારે ૬- થી ૭-૩૦ યોગ પ્રોટોકોલ શિબિર તેમજ ૮ થી ૯ કલાકે યોગ જાગૃત રેલીનું આયોજન થનાર છે. એમ જૂનાગઢ જિલ્લા કોઓર્ડીનેટર ચેતનાબેન ગજેરા અને જૂનાગઢ યોગ પ્રચારક દિલીપસિંહ પરમાર એક યાદીમાં જણાવ્યું હતું.

# જૂનાગઢ જીલ્લા રોજગાર વિનિમય કચેરી દીવાન ચોક ખાતે આવતીકાલે ભરતી મેળો યોજાશે

જૂનાગઢ, તા.૧૬

જૂનાગઢ જિલ્લાનાં ઉત્સાહી અને ઉર્જાવાન રોજગાર ઈચ્છુકોને રોજગારીનો ઉમદા અવસર પ્રાપ્ય થાય તેવા હેતુસર ખાનગી ક્ષેત્રના અગ્રગણ્ય એકમ સીનોવા ગીયર્સ એન્ડ ટ્રાન્સમીશન પ્રા.લી. રાજકોટ તથા કોસોલ એનર્જી પ્રા.લી. બાવળા કંપની ખાતે ખાલી પડેલ વિવિધ જગ્યાઓ માટે ૧૮ થી ૪૦ વર્ષાની વયમર્યાદા તેમજ ખાલી જગ્યાને અનુરૂપ આઈ.ટી.આઈ./ ડિપ્લોમા કે સ્નાતકની શૈક્ષણિક લાયકાત ધરાવનાર રોજગાર ઈચ્છુકો માટે અનુબંધમ વેબપોર્ટલના માધ્યમથી ભરતીમેળાનું આયોજન જિલ્લા રોજગાર વિનિમય કચેરી જૂનાગઢ, દિવાન ચોક ખાતે આવતીકાલ તા. ૧૭/૫/૨૦૨૩ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે કરવામાં આવેલ છે.

પ્રસ્તુત ભરતીમેળામાં ભાગ લેવા હેતુસર રોજગાર ઈચ્છુકોએ શૈક્ષણિક લાયકાતનાં પ્રમાણપત્રો તેમજ જરૂરી દસ્તાવેજો સાથે ભરતીમેળા સ્થળ ઉપર ઉપસ્થિત થવાનું રહેશે. અનુબંધમ પોર્ટલ ઉપર જોબસીકર તરીકે નોંધણી કરાવવી ફરજિયાત છે. અનુબંધમ પોર્ટલ ઉપર જોબસીકર માટેની રજીસ્ટ્રેશન લીંક **https:// anubandham. gujarat. gov. in/account/signup** ઉપરથી નોંધણી કરવાની રહેશે. નોંધણી થયા બાદ પોર્ટલ પર લોગ ઈન કરીને પોર્ટલ ઉપર જોબફેર મેનુમાં કલીક કરી જરૂરી વિગત ભર્યા બાદ જોબફેરમાં ભાગ લઈ શકાશે. વધુ માહિતી અને માર્ગદર્શન માટે કચેરી સમય દરમ્યાન જિલ્લા રોજગાર વિનિમય કચેરી, જૂનાગઢ ના કોલસેન્ટર નંબર ૬૩૫૭૩૯૦૩૯૦ મારફત સંપર્ક કરવા જણાવવામાં આવે છે.

# જૂનાગઢ આરોગ્ય વિભાગ દ્વારા Integrated Wellness campનો આરંભ

## જેલમાં ૭૩ બંદીવાન ભાઈઓના એચ.આઈ.વી., ટી.બી, હેપેટાઈટિસ બી અને સી અને સીફીલીસની તપાસણી કરવામાં આવી




જૂનાગઢ,તા.૧૬

ટીબી એચઆઈવી અધિકારી અને જિલ્લા જેલ અધિકારીના માર્ગદર્શન હેઠળ જૂનાગઢ જિલ્લા જેલમા **Integrated Wellness camp** યોજવામાં આવ્યો હતો. જેમાં જિલ્લા જેલમા ૭૩ બંદીવાન ભાઈઓના એચ.આઈ.વી., ટી.બી, હેપેટાઈટિસ બી અને સી અને સીફીલીસ એમ પાંચ પ્રકારની તપાસ કરવામાં આવી હતી.

આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય, ભારત સરકાર દ્વારા વિવિધ કસ્ટડીઓમાં રહેનાર લોકો (જેલ, મહિલા, ગૃહો વ્યસન મુકિત કેન્દ્રો અને બાળ સંરક્ષણ ગૃહો) માટે એક ખાસ ઝુંબેશ **"Integrated Wellness camp"** કરવાનું નક્કી કરવામાં આવ્યું છે. આ ઝુંબેશનો મુખ્ય હેતુ એક નિશ્ચિત સમય મર્યાદામાં એચ.આઈ.વી., ટી.બી, હેપેટાઈટિસ બી અને સી અને સીફીલીસ વિષે જાગૃતતા સ્કીનીંગ અને સારવાર કરવાનું છે. આ કેમ્પ ૧૫ મેં ૨૦૨૩ થી ૧૪ જુન ૨૦૨૩ સુધીનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. આ કેમ્પ ના સફળ આયોજન માટે ભારત સરકાર દ્વારા ગુજરાત સ્ટેટ એઈડ્સ કંટ્રોલ સોસાયટી, જેલ વિભાગ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, મહિલા અને બાળ વિકાસ વિભાગ, ટી.બી, વિભાગ, રાષ્ટ્રીય વાયરલ હેપેટાઈટિસ નિયંત્રણ કાર્યક્રમ ને સંકલનમાં રહી ખાસ ઝુંબેશ **"Integrated Wellness camp"** નું આયોજન કરવામાં આવ્યું હતુ.

જેમાં **DISHA DAPUCU** ટીમ, **NTEP**, સુભીક્ષા પ્રોજેક્ટ, સ્વેતના પ્રોજેકટ, જીવનદીપ **(TI)** સ્ટાફ કેમ્પમા હાજર રહી કેમ્પની કામગીરી કરવામાં આવી હતી.

## માળિયાહાટીના ધરમપુર ગામેથી માતા-પુત્રી ગુમ

જૂનાગઢ, તા.૧૬

માળિયાહાટીના તાલુકાના ધરમપુર ગામના વાડી વિસ્તારમાં રહેતા ૨૬ વર્ષના મહિલા તેમની ૩ વર્ષની પુત્રી સાથે તા.૯-૫-૨૩ને રાતના ધરમપુર ગામેથી ગુમ થયા છે. મહિલાની ઉંચાઈ ૪.૧૧ ફુટ, બાધો મધ્યમ અને રંગ ગોરો છે. તેમણે સાડી પહેરેલ છે. તેમજ તેમની ૩ વર્ષાની પુત્રીની ઉંચાઈ ૨ ફુટ, બાધો મધ્યમ અને રંગ ગોરો છે. તેમણે ફ્રોક પહેરેલ છે. આ માતા-પુત્રીની કોઈને ભાળ મળે તો નજીકના પોલીસ સ્ટેશનમાં જાણ કરવા માળિયાહાટીના પોલીસે જણાવ્યું છે.

# બરડા ડુંગરમાંથી ભાણવડ પંથકમાં આવેલો દિપડો પાંજરે પુરાયો

(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૬

અગાઉના વર્ષોમાં ભાણવડ પંથકમાં આવેલા બરડા ડુંગરમાંથી આ પથંકમાં અવારનવાર દીપડા તેમજ આ પ્રકારના રાની પશુઓ આવી ચડતા હતા. પરંતુ છેલ્લા લાંબા સમયથી આ વિસ્તારમાં આ પ્રકારના પશુઓ જોવા મળ્યા ન હતા. ત્યારે ભાણવડના રણપર વિસ્તારમાં દીપડો હોવાનું સ્થાનિક લોકોના ધ્યાને આવતા આ અંગે ગ્રામજનો દ્વારા વન વિભાગને જાણ કરવામાં આવી હતી. જેના અનુસંધાને ફોરેસ્ટની ટીમ દ્વારા ચોક્કસ જગ્યાએ મારણ સાથેનું પાંજરું મૂકવામાં આવ્યું હતું. જેના અનુસંધાને



શનિવારે રાત્રે મારણ ખાવા આવેલો દિપડો પાંજરામાં કેદ થઈ ગયો હતો. દીપડો પાંજરે પુરાતા સ્થાનિક ગ્રામજનોએ હાશકારો અનુભવ્યો હતો. આટલું જ નહીં, પાંજરે પુરાયેલો દીપડો જોવા માટે મોટીસંખ્યામાં ગ્રામજનો ઉમટી પડ્યા હતા.

## સાખરા(ગઢવી) પરિવારનું ઐતિહાસિક આયોજન

# ખંભાળિયામાં યોજાયો ભવ્ય લોક ડાયરો ગૌશાળા માટે મોટી સંખ્યામાં ભંડોળ એકત્ર થયું



(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૬

ખંભાળિયાના શક્તિનગર વિસ્તારમાં સાખરા ગઢવી પરિવાર દ્વારા શનિવારે રાત્રે ગૌસેવાના લાભાર્થે યોજવામાં આવેલા ડાયરામાં અનેક નામિ કલાકારોએ ભજન- ધુનની રમઝટ બોલાવી હતી. આ કાર્યક્રમમાં ખૂબ મોટી સંખ્યામાં ફાળો એકત્ર થયો હતો. આ ધાર્મિક કાર્યક્રમને લોકોએ વહેલી સવાર સુધી મન ભરીને માણ્યો હતો. ખંભાળિયાના નજીક આવેલા શક્તિનગર વિસ્તારમાં રહેતા સ્વ. માંડણભાઈ વિધાભાઈ સાખરા (માયાભાઈ માંડણભાઈ સાખરા) પરિવાર દ્વારા શનિવારે બારોટના ચોપડે બાળકોના નામકરણ વિધિનો પ્રસંગ યોજાયો હતો. આ પ્રસંગે શનિવારે રાત્રે ગૌસેવાના લાભાર્થે અહીંના શિરૂ તળાવ મેળાના વિશાળ પટાંગણમાં લોક ડાયરા તથા સંતવાણીના કાર્યક્રમનું અતિ ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ લોક ડાયરામાં જાણીતા ભજનીક દેવરાજભાઈ ગઢવી (નાનો ડેરો), લોક સાહિત્યકાર રાજભા ગઢવી (ગીર), દેવાયતભાઈ ખવડ અને દેવરાજભાઈ ગઢવી (ઉપલેટા વારા) સહિતના કલાકારો, સાજીંદાઓ ઉપસ્થિત રહ્યા હતા અને લોકોને ભજન, સંતવાણીમાં રસ તરબોળ કર્યા હતા.

આ લોક ડાયરામાં અનેક પ્રાચીન છંદ, દુહા તેમજ ધાર્મિક ગીતો અને ગરબાથી લોકો મંત્રમુગ્ધ બન્યા હતા અને ચઢતા પહોર સુધી હકડેઠઠ જનમેદની વચ્ચે જાણે આખો વિશાળ સમિયાણો ટૂંકો પડ્યો હોય તેવું ચિત્ર જોવા મળ્યું હતું. ઉપસ્થિત ધર્મપ્રેમી જનતાએ ગૌસેવા માટે છુટ્ટાહાથે લોકફાળો આપ્યો હતો અને નોંધપાત્ર કહી શકાય તેટલું લાખો રૂપિયાનું ફંડ સેવાકાર્ય માટે એકત્ર થયું હતું. આ કાર્યક્રમમાં મઢડાના મહંત શ્રી ગીરીશ આતા, છત્રાવાના શ્રી રણજીત આપા સહિતના સંતો-મહંતો, પોરબંદરના સાંસદ રમેશભાઈ ધડુક, ડીવાયએસપી મહેડૂ સાહેબ અને રાબા સાહેબ, અહીંના પૂર્વ ધારાસભ્ય મેરામણભાઈ ગોરીયા, પોરબંદર જિલ્લા ભાજપના પ્રમુખ રમેશભાઈ ઓડેદરા, પંકજભાઈ મજીઠીયા, અરશીભાઈ ખૂટી, ભીમાભાઈ કેશવાલા, જામનગરના અગ્રણી મેરામણભાઈ ભાટુ, કુતિયાણાના પૂર્વ ધારાસભ્ય કરસનભાઈ દુલાભાઈ, લખમણભાઈ ભીમાભાઈ, એભાભાઈ અરજણભાઈ, સહિતના આગેવાનો, હોદ્દેદારો પણ ખૂબ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ખંભાળિયા પંથકમાં આ ઐતિહાસિક કહી શકાય તેવા કાર્યક્રમને સફળ બનાવવા માટે ભાવેશભાઈ માયાભાઈ ગઢવી તથા વી.કે. ગઢવી તેમજ ગાયત્રીનગરના બજરંગ યુવા ગ્રુપના કાર્યકરોએ નોંધપાત્ર જહેમત ઉઠાવી હતી.

# જીલ્લા આયોજન મંડળની બેઠકમાં વિવિધ સરકારી વિભાગોના સંકલનથી પ્રગતિ હેઠળના વિકાસ કામો પૂર્ણ કરવા પ્રભારી મંત્રી રાઘવજીભાઈની સુચના

(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ તા.૧૬

રાજકોટ જિલ્લાના પ્રભારી તથા રાજયના કૃષિ મંત્રી રાઘવજીભાઈ પટેલની અધ્યક્ષતામાં કલેકટર કચેરી ખાતે જિલ્લા આયોજન મંડળની બેઠક યોજાઈ હતી, જેમાં વિવિધ સરકારી વિભાગોના સંકલનથી પ્રગતિ હેઠળના વિકાસ કામો પૂર્ણ કરવા મંત્રી પટેલે ઉપસ્થિત અધિકારીઓને સુચના આપી હતી. પ્રભારી મંત્રી રાઘવજીભાઈએ આ બેઠકમાં સ્પષ્ટપણે જણાવ્યું હતું કે રાજય સરકાર દ્વારા નિર્માણાધીન વિકાસ કામોની ગુણવત્તામાં કોઈપણ પ્રકારની બાંધછોડ ચલાવી લેવામાં નહીં આવે. પાણી પુરવઠા મંત્રી કુંવરજીભાઈ બાવળીયાએ




રાત્રિના સમયે માનવીય ભૂલોથી થતા અકસ્માતો નિવારવા માટે સંબંધિત સરકારી વિભાગોના અધિકારીઓને જરૂરી પગલાં લેવા કડક સૂચના આપી હતી. તથા ચૂંટાયેલા લોક પ્રતિનિધિઓએ રજુ કરેલા જનહિતના પ્રશ્નોનું રજીસ્ટર નિભાવી પ્રશ્નો અંગે કરવામાં આવેલ કામગીરીની સંબંધિત મંત્રીને જાણ કરવા આદેશ આપ્યા હતા. મંત્રી ભાનુબેન બાબરીયાના લોધિકા તાલુકાના કાચા રસ્તાના કામો, મવડી-પાળ રી-સર્વેના કામો સહિત સંસદ સભ્ય રામભાઈ મોકરીયા તથા મોહનભાઈ કુંડારીયાના વિવિધ પ્રશ્નો આ બેઠકમાં રજુ કરાયા હતા, જેનું સત્વરે નિરાકરણ લાવવા સંબંધિત વિભાગના અધિકારીઓએ ખાતરી આપી હતી. આ બેઠકમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, એસ.ટી.ની બસો, આંગણવાડી કેન્દ્ર, ગ્રામ્ય સડકો, વૃક્ષારોપણ વગેરે અંગેના પ્રશ્નો પણ રજૂ થયા હતા. આગામી તા. ૨૪થી ૨૮ મે દરમિયાન રાજકોટના રેસકોર્ષ ગ્રાઉન્ડ ખાતે યોજાનારા રાષ્ટ્રીય કક્ષાના ગૌ ટેક એકસપોનો સંબંધિત સર્વેને લાભ લેવા માટે મંત્રીએ રાઘવજીભાઈએ અનુરોધ કર્યો હતો. નિવાસી અધિક કલેકટર એસ. જે. ખાચરે બેઠકના પ્રારંભે ઉપસ્થિતોને આવકાર્યા હતા. અને મંત્રી રાઘવજીભાઈ પટેલ તથા કુંવરજીભાઈ બાવળિયાનુ પુષ્પગુચ્છથી સ્વાગત કર્યું હતું.

# તલાટી મંત્રીની પરીક્ષા આપનાર ઉમેદવારોની મહેનત પાણીમાં ?

## ગુજરાત રાજ્યભરમાં માત્ર ૩ ટકા જ ઉમેદવારો પાસ થવા પાછળનું કારણ અકબંધ ?




(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા. ૧૬

ગુજરાત રાજયમાં તા. ૭મે નાં રોજ તલાટી મંત્રીની પરીક્ષા લેવામાં આવી હતી. કેટલાય ઉમેદવારો રાત-દિવસ મહેનત કરી પોતાનાં ઉજજવળ ભવિષ્યની અપેક્ષા રાખીને બેઠા હતાં. અને તંત્રને આ પરીક્ષા શાંતિપૂર્ણ રીતે સંપન્ન થતાં રાહતનો શ્વાસ લીધો હતો. જો કે પરીક્ષામાં ગેરરીતી થઈ હોવાની વિગતો બહાર આવી છે જેમાં વડોદરાની મહારાજા સયાજીરાવ યુનવર્સીટીમાં પરીક્ષા દરમ્યાન ગેરરીતી થઈ હોવાની વિગતો બહાર આવી છે. જેને લઈને હાલ તપાસ કરવામાં આવી રહી છે. વડોદરાની એમ.એસ. યુની.માં તલાટી મંત્રીની પરીક્ષામાં ૧૨૩ ઉમેદવારોનાં થમ્બ ઈમ્પ્રેશન ન લીધા હોવાનો ખુલાસો થતાં વિદ્યાર્થીઓ અને વાલીઓમાં હડકંપ મચી ગયો છે. પોલીટીકલ યુનિટનાં ૮માં બ્લોકમાં આ પ્રકારની ગંભીર બેદરકારી થઈ હોવાનું સામે આવ્યું છે. ૧૫ વર્ગ ખંડમાં ઓએમઆર શીટમાં અંગુઠાની છાપ લેવાઈ ન હતી. પરીક્ષા પૂર્ણ થયા બાદ ધ્યાનમાં આવતાં ૭ વર્ગ ખંડમાં અંગુઠાની છાપ લેવાઈ હતી અને ૮ વર્ગ ખંડમાં અંગુઠાની છાપ લેવાઈ ન હતી. આમાં હાલ ભાવનગર ડમી કૌભાંડ પુરજોશમાં ગાજયું છે ત્યારે આ બાબત તંત્રનાં ધ્યાને આવશે કે નહીં ? તેવો પ્રશ્ન ઉમેદવારો અને વાલીઓમાં ઉઠવા પામ્યો છે. જો કે આ બાબતે હસમુખભાઈ પટેલે કહયું હતું કે બોર્ડ પ્રતિનિધિ દ્વારા અંગુઠાની છાપ લેવામાં નથી આવી તેની જાણ પરીક્ષાનાં બીજા દિવસે થઈ હતી. વડોદરાની ઘટનામાં ગેરરીતી નહી પરંતુ બેદરકારી હોય તેવું લાગે છે.

ગુજરાત રાજય સરકારની અમુક પરીક્ષા કોઈ કારણોસર અંતિમ ક્ષણે કેન્સલ કરવામાં આવે છે ત્યારે વિદ્યાર્થીઓ અને વાલીઓ ઉપર શું વિતતી હશે તે એસીમાં બેસતાં અધિકારીઓનાં ધ્યાને નહી આવતી હોય? તેવો સવાલ લોકોમાંથી ઉઠવા પામે છે. તલાટી મંત્રીની પરીક્ષા જે તે વિસ્તારનાં ઉમેદવારોને બહારનાં જીલ્લામાં પરીક્ષા આપવા મજબુર કરવામાં આવ્યા હતાં આમાં ઉમેદવારોનો શું વાંક? તલાટી મંત્રીની પરીક્ષા આપવા જતાં વિદ્યાર્થી અને વાલીઓને કેટલી અડચણ અનુભવવી પડી હતી તે સંબંધીત તંત્ર શું જાણે ? કારણ કે તલાટી મંત્રીની પરીક્ષા આપવા વિદ્યાર્થીની હોય તો તેની સાથે એક વ્યકિતને ફરજીયાત સાથે જવું પડતું હતું કારણ કે લગભગ ૧૦૦ કિમી દૂર બીજા શહેરમાં દા.ત. રાજકોટ, અમરેલી, પોરબંદર, જામનગર, ભાવનગર વિગેરે સ્થળે પરીક્ષાનું કેન્દ્ર હોવાથી ફરજીયાત વાલીએ સાથે જવું પડયું હતું. ત્યારે અમુક સરકારી ભરતીનાં પરીક્ષા પહેલા પેપર ફુટી જવાનાં કિસ્સા બનવા પામ્યા છે ત્યારે ઉમેદવારો અને વાલીઓની હાલત શું થઈ હશે ? આ અંગે જવાબદાર પરીક્ષા લેનાર વિભાગે કયારેય વિચાર્યુ છે ખરૂં ? એક તો પરીક્ષાનાં સમયે આખો દિવસ બગડે અને પરીક્ષાની તૈયારી કરી રહેલ ઉમેદવારોની હાલત આ સમયે કેવી થાય છે ? તે અંગે સંબંધીત વિભાગ તેમજ કહેવાતા રાજકારણીઓ તેમજ સમાજનાં આગેવાનોએ કયારેય વિચાર્યુ છે ખરૂં ? જે હોય તે પરંતુ તલાટી મંત્રીની પરીક્ષામાં આવા કૌભાંડ સામે આવ્યા બાદ તટસ્થ તપાસ કરી મહેનતું વિદ્યાર્થીઓનાં ભવિષ્યની કારકિર્દી ખતમ ન થાય તે જોવાની સૌ વાલીઓ, આગેવાનો, રાજકારણીઓની શું જવાબદારી નથી બનતી ? આમને આમ સરકારી પરીક્ષામાં આવા કૌભાંડો બહાર આવશે તો વિદ્યાર્થીઓનો આત્મવિશ્વાસ ડગમગી જશે ? કેટલાય ઉમેદવારો પોતાની મહેનત દ્વારા આત્મવિશ્વાસ સાથે પરીક્ષા આપવા જતાં આવા કૌભાંડ થતાં પોતાની જંદગી દાવમાં લગાવે છે તેવા કિસ્સા અનેકવાર બનવા પામ્યા છે ત્યારે હવે સૌએ જાગવાની જરૂર છે. અને સરકારી ભરતીમાં થતી ગેરરીતી બાબતે આજે સજાગ રહીશું નહીં તો આવતીકાલ ભવિષ્યની ચિંતા કરનાર ઉમેદવારો પોતાનો રસ્તો બીજી તરફ વાળીને પોતાને પગભર થવાનાં રસ્તા શોધી કાઢશે તેમાં કોઈ શંકા નથી...

# તલાટી કમ મંત્રીની પરીક્ષા એક કલાકની મુસાફરી સાત કલાકની !

## સરકારી નોકરી માટેની પરીક્ષા માટે ભવિષ્યમાં નજીકનાં કેન્દ્રોમાં વ્યવસ્થા ગોઠવાઈ તે જરૂરી

(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૧૬

તાજેતરમાંજ જૂનાગઢ સહિત રાજયભરમાં ૭ મેને રવિવારના રોજ તલાટી કમ મંત્રીની પરીક્ષા યોજવામાં આવી હતી. આ પરીક્ષા દરમ્યાન કોઈ જાતની ગેરરીતી ન થાય તે માટે તકેદારીના પગલા લેવામાં આવ્યા હતા. પરંતુ તેમ છતાં આ પરીક્ષા દરમ્યાન વડોદરા યુનિવર્સિટીમાં ગેરરીતી થઈ હોવાના અહેવાલોના પગલે ઉમેદવારોમાં અનેકવિધ ચર્ચાઓ થઈ રહી છે. દરમ્યાન ગેરરીતી કરતા પણ વધારે ભયંકર હાલત પરીક્ષાર્થીઓની એટલે આવી પરીક્ષા આપનાર ઉમેદવારને થતી હોય છે. એક કલાકની પરીક્ષા અને સાત કલાકનો મુસાફરીનો તોડ ઉમેદવારોની માનસિક હાલત કફોડી કરી નાખે છે. આ અંગે વિગતવાર જોઈએ તો ગત તા.૭ મેના રોજ જૂનાગઢ સહિત રાજયભરના વિવિધ સેન્ટરો ઉપર તલાટી કમ મંત્રીની પરીક્ષા આપવાનો તખ્તો ગોઠવાયો હતો અને ઉમેદવારો માટે બેઠક વ્યવાસ્થ કરવામાં આવી હતી. આ પરીક્ષા આપતા ઉમેદવારોનો પરીક્ષા કેન્દ્ર સુધી પહોંચવા માટેની વ્યવસ્થા પણ તંત્ર દ્વારા કરવામાં આવી હતી. આ ઉપરાંત જીલ્લા વહિવટી તંત્ર, પોલીસ વિભાગ, સામાજીક સંસ્થાઓ વિગેરે દ્વારા પણ પરીક્ષાર્થીઓને મદદરૂપ બન્યા હતા. ૭ મેનો દિવસ એટલે કે ગુજરાતભરમાં તલાટી કમ મંત્રીની પરીક્ષાનો દિવસ હતો અને રાજયભરમાં તેનો ધમધમાટ પ્રસરી ગયો હતો. એક તરફ ઉનાળાનું વેકેશન બીજી તરફ આકરો તાપ અને લગ્નગાળાની સિઝન આ બધાની વચ્ચે એસટી હોય રેલ્વે હોય કે ખાનગી વાહનો ભરચક ટ્રાફીક અને અધુરામાં પુરૂ સેન્ટર વાઈઝ પરીક્ષાર્થી માટે બેઠક વ્યવસ્થા. આ અંગે પ્રાપ્ત વિગત અનુસાર સરકારના વિવિધ વિભાગોની લેવામાં આવતી પરીક્ષા પછી તે કોઈપણ મંડળ હસ્તકની હોય કયાંકને કયાંક ગેરરીતી કે ખોટું થયું હોવાના આક્ષેપો વારંવાર થતા હોય છે અને ઘણા કિસ્સાઓ પણ આવા બહાર આવે છે અને જે સત્યતાની સાબિત પણ આપી દેતા હોય છે.

તલાટી કમ મંત્રીની પરીક્ષાનો એટલો ક્રેજ હતો કે બે લાખ કરતા વધારે પરીક્ષાર્થીઓ આ પરીક્ષા આપવા માટે સજજ બન્યા હતા અને તંત્ર દ્વારા કોઈ પેપર કાંડ કે કૌભાંડ ન થાય તેના માટે અનેકવિધ પગલા લીધા હતા અને જેમાં એક પગલું એવું હતું કે પરીક્ષાર્થીઓને પોતાના વતન એટલે કે પોતાના ગામથી કે શહેરથી પાંચ-પાંચ છ-છ કલાકના અંતરે આવેલા સેન્ટરો ફાળવવામાં આવ્યા હતા. ઉદાહરણ તરીકે જોઈએ તો જૂનાગઢવાસીઓને જામનગર, ભાવનગર વિગેરે સીટીમાં કેન્દ્ર ફાળવવામાં આવ્યા હતા. પરીક્ષાનો સમય ૧૨:૩૦ થી ૧:૩૦ વાગ્યાનો હતો. હવે જો આ પરીક્ષા ઉપર ઉમેદવારોનો પહોંચવું હોય તો વહેલી સવારે કોઈપણ વાહનમાં જવું પડે અને ત્યારબાદ છ થી સાત કલાકની મુસાફરી બાદ જામનગર કે ભાવનગર જેવા સેન્ટરોએ પહોંચી શકાય અને ત્યાં થોડા ફ્રેસ થાય અને પરીક્ષાનો ટાઈમ શરૂ થઈ જાય. સાત-સાત કલાકની કંટાળાજનક મુસાફરીમાં સંખ્યાબંધ પરીક્ષાર્થીઓને માનસિક ત્રાસ ખુબ જ સહન કરવો પડે છે. કેટલાકની તો તબીયત પણ લથડી હોવાની ફરિયાદ છે. પારદર્શક પરીક્ષાના નામે ઉમેદવારોને દુર-દુર સુધી ધકેલી દેવામાં આવ્યા હતા. કોઈએ એવો વિચાર ન કર્યો કે સાત-સાત કલાક મુસાફરી કરીને આવેલ પરીક્ષાર્થી કેવી પરીક્ષા આપી શકે. કેન્દ્ર ચેન્જ કરવા અને તકેદારી રાખવા માટે બે કલાકના અંતરે કોઈ શહેર હોય અને તેમાં પરીક્ષા કેન્દ્ર ફાળવવામાં આવ્યું હોય તો વ્યાજબી ગણાઈ પરંતુ એક કલાકની પરીક્ષામાં સાત-સાત કલાકની મુસાફરીએ સરાસર અન્યાય પરીક્ષાર્થીઓ માટે થયો છે. આગામી સમયમાં જયારે પણ કોઈ સરકારી લેવલની પરીક્ષાઓ યોજવાની હોય ત્યારે નજીકના સેન્ટરો ઉપર પરીક્ષાર્થીઓના નંબર ફાળવવામાં આવે તેવી લાગણી દર્શાવવામાં આવી રહી છે.

# જૂનાગઢ : આ રીતે ગાડી કેમ ચલાવે છે તેમ કહી બઘડાટી બોલતાં ફરીયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા) જૂનાગઢ તા. ૧૬

જૂનાગઢનાં મધુરમ શાકમાર્કેટ પાસે રહેતા યોગેશભાઈ અરજણભાઈ ચાવડા (રહે. વાડલા)એ શીવ ડેરીવાળો અજાણ્યો શખ્સ, એક અજાણી મહિલા અને બીજા એક અજાણ્યા શખ્સ વિરૂધ્ધ ફરીયાદ નોંધાવતાં જણાવેલ છે કે આ કામનાં ફરીયાદી પોતાનાં પરીવાર સાથે પોતાનાં હવાલાની મારૂતીવાન લઈને જતા હોય ત્યારે આ કામનાં આરોપી નં. ૧ પોતાનાં હવાલાની મોટર સાયકલ લઈને ફરીયાદીની કારની આગળ થયેલ અને ફરીયાદીને ગાડી કેમ ચલાવે છે. ગાડી સાઈડમાં રાખ તેમ કહી ફરીયાદીએ ગાડી સાઈડમાં રાખતા આરોપી નં. ૨ નાએ ફરીયાદી સાથે ગાડી ચલાવવા બાબતે બોલાચાલી કરી ભુંડી ગાળો બોલી આગળ જતાં રહેલ અને તેની પાછળ ફરીયાદી પોતાની ગાડી લઈ મધુરમ શાકમાર્કેટ પાસે પહોંચતાં આ કામનાં ત્રણેય આરોપીઓએ રસ્તામાં ઉભા રહીને ફરીયાદીને ગાડી રોકવાનું કહી ફરીયાદીના માથામાં લોખંડનો પાઈપ મારી દેતા ફરીયાદીને લોહી નીકળવા લાગેલ અને આરોપી નં. ૧ નાએ પ્લાસ્ટીકનાં પીવીસીનાં પાઈપથી તથા આરોપી નં. ૩ નાએ લોખંડનાં પાઈપથી ફરીયાદીને શરીરે મુંઢ માર મારેલ દરમ્યાન સાહેદ નિર્મળાબેન વચ્ચે પડતા આરોપી નં. ૩ નાએ સાહેદ નિર્મળાબેનની જમણા હાથની પહેલી આંગળીમાં બટકુ ભરી લઈ ઈજા કરી જાનથી મારી નાખવાની ધમકી આપી એકબીજાને મદદગારી કરવાનો ગુનો સી ડીવીઝન પોલીસે નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# જૂનાગઢમાં રીક્ષા અને બાઈકનાં અકસ્માતમાં એકનું મોત

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા) જૂનાગઢ તા. ૧૬

જૂનાગઢનાં ઝાંઝરડા રોડ ઉપર છકડો રીક્ષા અને બાઈક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેનાં પગલે બાઈક સવાર આશાસ્પદ યુવાનનું સારવાર દરમ્યાન મોત નિપજયું હતું. દિલસુખભાઈ ભીમાભાઈ ચૌહાણે બી ડીવીઝન પોલીસમાં નોંધાવેલ ફરીયાદ મુજબ ઝાંઝરડા રોડ ઉપર તા. ૧૪ મેનાં રોજ યુવરાજ રાઠોડ અને અભિષેક રાઠોડ બંને ભાઈઓ બાઈક નં. જીજે-૦૫-બીએસ ૮૮૨૭ ઉપર ઝાંઝરડા ચોકડી તરફ જતાં હતા ત્યારે ઓઘડનગરમાં શાંતેશ્વરથી ઝાંઝરડા રોડ પહોંચતાં સામેથી આવેલ રીક્ષા નં. જીજે-૧૧-વાઈ ૧૪૮૯નાં ચાલકે બેફીકરાઈથી ચલાવતો હોવાથી સામસામે અથડાતાં ગંભીર અકસ્માત સર્જાયો હતો.

આ બનાવને પગલે બંને ભાઈઓને સારવાર અર્થે જૂનાગઢ સિવીલ હોસ્પીટલમાં ખસેડવામાં આવ્યા હતાં. જયાં હાજર ઉપરનાં ડોકટરે સારવાર આપ્યા બાદ તા. ૧૫ મેનાં રોજ યુવરાજ કિશોરભાઈ રાઠોડ (ઉ.વ. ૧૮)નું મૃત્યું નિપજયું હતું. આ બનાવ અંગે મરણજનારનાં મામાએ બી ડીવીઝન પોલીસમાં ફરીયાદ નોંધાવતાં પોલીસે તપાસ હાથ ધરી છે.

# મેલેરિયા મુક્ત અભિયાન અને રાષ્ટ્રીય ડેન્ગ્યુ દિવસની ઉજવણીના ભાગરૂપે કૃષિ યુનિવર્સીટી ખાતે વર્કશોપ યોજાયો

## વાહકજન્ય રોગ અને પાણીજન્ય રોગ અટકાયતની વિશેષ કામગીરી કરનાર તાલુકા હેલ્થ સુપરવાઈઝરને સન્માનિત કરાયા



(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ, તા. ૧૬

મેલેરિયા મુક્ત અભિયાન અને રાષ્ટ્રીય ડેન્ગ્યુ દિવસની ઉજવણી ભાગરૂપે જૂનાગઢ કૃષિ યુનિ. ખાતે વર્કશોપ યોજાયો હતો. જેમાં વાહકજન્ય રોગ અને પાણીજન્ય રોગ અટકાયતની વિશેષ કામગીરી કરનાર તાલુકા હેલ્થ સુપરવાઈઝરને સન્માનિત કરાયા હતા. વિભાગીય નાયબ નિયામક અને મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીના અધ્યક્ષસ્થાને તેમજ જિલ્લા મેલેરિયા અધિકારી ડો.લાખાણીના માર્ગદર્શન હેઠળ જીલ્લા કક્ષાએ તમામ MPHW, MPHSઓનો વર્કશોપ ઓડીટોરીયમ હોલ, કૃષિ યુનિવર્સીટી, જૂનાગઢ ખાતે યોજાયો હતો. જેમાં જિલ્લા પંચાયત આરોગ્ય શાખાના જિલ્લા મથકના અધિકારીઓ, દરેક તાલુકાના તમામ THO ,TMPHS, MPHS તથા MPHW તમામ ઉપસ્થિત રહ્યા હતા. આ વર્કશોપ દરમ્યાન MPHW દ્વારા વાહકજન્ય રોગ અટકાયત કામગીરી અને પાણીજન્ય રોગ અટકાયત કામગીરી બાબતે પ્રેઝનટેશન રજૂ કરવામાં આવ્યું હતુ.

વર્ષ ૨૦૨૨-૨૦૨૩ દરમ્યાન TMPHS, MPHS તથા MPHW દ્વારા વાહકજન્ય રોગ અને પાણીજન્ય રોગ અટકાયતની વિશેષ કામગીરી બદલ ડો. ફેન્સી વિભાગીય નાયબ નિયામક, ભાવનગર ના હસ્તે એવોર્ડ આપી સન્માનિત કરવામા આવ્યા હતા. જેમાં માળિયા તાલુકા હેલ્થ સુપરવાઈઝર મિતેષ કછોટ ને બેસ્ટ તાલુકા હેલ્થ સુપરવાઈઝરનાં એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા. ગડુનાં એમ.પી.એચ.એસ. પ્રવીણભાઈને તાલુકાના બેસ્ટ સુપરવાઈઝર અને અન્ય ૩ એમ.પી.એચ.ડબલ્યુને પણ શિલ્ડ આપી સન્માનિત કરાયા હતા.

# રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ- ભેંસાણ દ્વારા ગ્રીષ્મકાલિન બાલ શિબિર યોજાઈ



(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ,તા.૧૬

ભેંસાણ તાલુકાના વર્ષ ૯ થી ૧૬ વર્ષ સુધીના તરૂણો અને બાળકો માટે એક બાલ શિબિરનું આયોજન રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ, ભેંસાણ દ્વારા શ્રી માધવ શૈક્ષણિક સંકુલ- ભેંસાણ ખાતે રાખવામાં આવ્યું હતું. જેમાં સૌ પ્રથમવાર ૮૦ જેટલા બાળકો અને તરૂણો ભેંસાણ તાલુકાના ૧૯ જેટલા ગામોમાંથી ભાગ લેવા માટે આવ્યા હતા. તારીખ ૧૦ અને ૧૧ મે ૨૦૨૩ એમ દ્વિદિવસીય આ બાલ શિબિરમાં જુદા જુદા સત્રો લેવા માટે જૂનાગઢથી વિશેષ તજજ્ઞ ઉપસ્થિત રહયા હતા. જેમાં બાળકોનું માનસિક ઘડતર થાય અને શારીરિક ઘડતર થાય તેમજ નાનપણથી જ આ બાળકોમાં શિસ્ત, અનુશાસન અને સંસ્કારનું સિંચન થાય અને સમાજ અને રાષ્ટ્રની ઉન્નતિમાં તેઓ પણ આગળ જતાં સહભાગી બને તે પ્રકારનું જ્ઞાન તેઓને આપવામાં આવ્યું હતું. આ દ્વિદિવસીય શિબિરમાં આવી બાળકોએ વિવિધ દેશી રમતો દ્વારા આનંદ માણ્યો હતો કતેમજ સવારમાં અગ્નિહોત્ર યજ્ઞનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. તેઓ યજ્ઞનું મહત્વ સમજે અને પોતાના ભવ્ય વારસાથી અવગત થાય. આ શિબિરને સફળ બનાવવા માટે તાલુકા કાર્યવાહ વિરલ ભેસાણીયા, ચિંતન ઊંધાડ તથા માધવ સ્કૂલ ભેસાણના સંચાલક પ્રિતેશ કોઠીયા સહિત શિક્ષક કર્મચારીઓ તથા સંઘના સ્વયંસેવકોએ જહેમત ઉઠાવી હતી.

# જસદણમાં દવે પરીવારનો વરરાજો હાથી ઉપર બેસી પરણવા આવ્યો !



(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા. ૧૬

મુળ સુલતાનાપુર હાલ રાજકોટ નિવાસી પત્રકાર જયેશભાઈ ગૌરીશંકરભાઈ દવે અને અ.સૌ. વર્ષાબેનાનાં સુપુત્ર ચિ. સાવનનાં શુભલગ્ન જસદણ નિવાસી સ્વ. ઘનશ્યામભાઈ વિરાભાઈ જોષી તથા જયોતિબેનની સુપુત્રી ચિ. શોભના સાથે ગઈકાલે યોજાયા હતાં ત્યારે દવે પરીવાર દ્વારા રજવાડી લગ્ન યોજાયા હતાં. જેમાં વરરાજો સાવન હાથીની અંબાડી ઉપર બિરાજી વાજતે ગાજતે તોરણ આવેલ હતો. અને આ હાથી જે અમદાવાદ ભગવાન જગન્નાથજીની રથયાત્રામાં જોડાય છે તે હાથી મંદિરનાં મહંત દ્વારા મોકલવામાં આવેલ હોવાનું જયેશ દવેએ જણાવ્યું હતું.




ૐ નેચર કયોર સેન્ટર
ડો. સી.ડી. ઓઝા (N.D.)
તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે
- શીરોધારા : માઈગ્રેન, માથાનો દુઃખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
- નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
- નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
- જાનુ બસ્તિ : ગોઠણનાં દુઃખાવા
- કટિબસ્તિ : કમરમાં દુઃખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
- મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમ બાથ, અભ્યંગ, ગ્રીવા બાસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો ઉપલબ્ધ

ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.
દરરોજ સાંજે ૭ થી ૮
નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે. (અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી જરૂરી)
ગીરીરાજ મેઈન રોડ, ક્રિષ્ના પ્રોવીઝન સ્ટોર સામે, નોબલ સ્કુલ પાસે, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨